Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

## પુસ્તક ૩૩ મું.

સંવત ૧૯૭૩ ના ચૈત્રથી સંવત ૧૯૭૪ ના ફાગણ સુધી અંક ૧ થી ૧૨.

### વાર્ષિક અનુક્રમણિકા.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ પદ્યાત્મક લેખો. (૧૭) | | |
| ૧ શ્રી સિમંધર જિન સ્તવન. સંસ્કૃત. | શ્રી જિનસુંદરસૂરિકૃત. | ૧ |
| ૨ સ્વપ્ન સમ સંસાર. | રત્નસિંહ દુમરાકર. | ૩૩ |
| ૩ મનને શિક્ષા. | ” | ૩૪ |
| ૪ કાળ–મહિમા. | ” | ૬૫ |
| ૫ જીવોપદેશ. કવિત. | અમીચંદ કરશનજી શેઠ. | ૬૬ |
| ૬ સ્વગુણ વિના હિનતા. | રત્નસિંહ દુમરાકર. | ૯૭ |
| ૭ જરા યૌવન સંવાદ. | ” | ૧૨૯ |
| ૮ કક્કા બત્રીશી. | જેવંત મુનિકૃત. પ્રાચીન. | ૧૬૧ |
| ૯ ચેલાના ફુલડાં. (અર્થયુક્ત હરીયાળી). | પ્રાચીન. | ૧૬૩ |
| ૧૦ પુદ્ગલની રચના વિષે લાવણી. | અમીચંદ કરશનજી શેઠ. | ૧૮૦ |
| ૧૧ બોધદાયક અષ્ટક. | દુર્લભજી ગુલાબચંદ મહેતા. | ૧૯૩ |
| ૧૨ હિતોપદેશ–સત્સંગ. | મર્હુમ દિલખુશ. | ૨૨૫ |
| ૧૩ જ્ઞાનીને સુખ. | ” | ૨૫૫ |
| ૧૪ મન અને માયા. | ” | ૨૫૭ |
| ૧૫ સમશ્લોકી સૂક્તરત્નાવલી. | શામજી હેમચંદ માસ્તર. | ૨૫૮ |
| ૧૬ વૈરાગ્યોત્પાદક પદ્ય. (બે) | પ્રાચીન. | ૩૪૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૭ શુદ્ધ મુનિરાજ સ્વરૂપ. શ્રીમદ્યશોવિજયજી. ૩૫૦

૨ કથાનુયોગના લેખો. ( ૨ )

૧ બુદ્ધિ સ્વરૂપ. ( ચાર પ્રકારની બુદ્ધિ ઉપર દષ્ટાંતો ) ૧૧–૪૪–૭૭

૨ સુમિત્ર ચરિત્ર ભાષાંતર. ૧૮૧–૨૧૬–૨૪૯–૨૭૪–૩૬૫.

૩ ધાર્મિક લેખો ( ૩ )

૧ શ્રી સિમંધર સ્વામીના સંસ્કૃત સ્તવનનો સારાંશ ( મુ. ક. વિ. ) ૪

૨ હિતશિક્ષાના રાસનું રહસ્ય. ૧૮–૫૮–૮૫–૧૧૬–૧૫૪–૨૪૩–૨૭૯–૩૭૫

૩ પ્રશમરતિ પ્રકરણ ( મૂળ અર્થ–વિવેચન યુક્ત. ) સન્મિત્ર કર્પૂરવિજયજી.
૩૪–૬૭–૯૮–૧૩૦ ૧૬૬–૧૯૫–૨૨૬

૪ નૈતિક લેખો (૧૨)

૧ વૈજ્ઞાનિક ચર્ચાપર વિચારો. ( મૌક્તિક ) ૨૨

૨ મિત્રતા. નંદલાલ વનેચંદ દફતરી. ૬૭

૩ સમાજસેવા–સેનીટેરીયમ. ( મૌક્તિક ) ૧૧૦–૧૪૮

૪ મૂર્ખ શતક ષડ્વિંશિકા. સાર્થ (પ્રાચીન) ૨૦૫–૨૩૭

૫ નમ્રતાથી બોલવું. ( મુ. ક. વિ. ) ૨૩૬

૬ સુસંપ કુસંપ વિષે બોધ. ,, ૨૬૧

૭ પરસ્ત્રી ગમન ( વ્યભિચાર ) મર્હુમ દિલખુશ. ૨૬૮

૮ બ્રહ્મચર્ય. નંદલાલ વનેચંદ દફતરી. ૨૭૨

૯ અડીના વખતે ઉપયોગી થાય તેજ મિત્ર સાચો. ( મુ. ક. વિ. ) ૩૫૩

૧૦ સ્વધર્મી બંધુઓ ને બ્હેનોને શી રીતે મદદ કરવી ? ,, ૩૫૩

૧૧ બાળલગ્ન અને વિધવા નંદલાલ વનેચંદ દફતરી. ૩૫૪

૧૨ વિધવાઓનાં ધર્મ ( કર્તવ્ય ) ,, ૩૫૬

૫ ઉપદેશાત્મક લેખો. ( ૧૯ )

૧ સાર શાસ્ત્ર શિક્ષા સંગ્રહ ( મુ. ક. વિ. ) ૪૧

૨ બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમોનો વિવેક ,, ૭૪

૩ શાંતવચનામૃત. ,, ૭૫

૪ સુબોધ વ્યાખ્યાન અમીચંદ કરશનજી શેઠ. ૯૦

૫ સ્વહૃદય બોર્ડપર લખી રાખવા યોગ્ય બોધ વચનો. ( મુ. ક. વિ.) ૧૦૫

૬ જિનમંદિરમાં દેવદર્શને આવનારને નમ્ર સૂચના ,, ૧૦૭

૭ ક્રોધ. નંદલાલ વનેચંદ દફતરી. ૧૦૮

૮ તત્વ જિજ્ઞાસુ જનોને બે બોલ. ( મુ. ક. વિ. ) ૧૩૬

૯ શ્રાવક. નંદલાલ લલુભાઇ વકીલ. ૧૩૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૦ જીવવિચારાદિ પ્રકરણોના અભ્યાસ વિષે બે બોલ ( મુ. ક. વિ. ) ૧૩૭
૧૧ આત્મબંધુઓ ને બ્હેનોને સંક્ષેપે ખમતખામણા. „ ૧૭૨
૧૨ ખમવું ને ખમાવવું—એ સંબંધી આપણું કર્ત્તવ્ય. „ ૧૭૩
૧૩ સુબોધ વ્યાખ્યાન. અમીચંદ કરશનજી શેઠ. ૧૭૭
૧૪ સંયમવંત સાધુ જનોનું જગતને અનુકરણીય વર્ણન. ( મુ. ક. વિ. ) ૨૦૯
૧૫ અવિવેકથી ખાનપાનની વસ્તુઓમાં થતો ભ્રષ્ટવાડો. „ ૨૧૧
૧૬ આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા, આત્મવિવેક વિષે પાંચ બોલ. „ ૨૬૪
૧૭ મોક્ષનો સાચો સરલ માર્ગ—વિશુદ્ધ પ્રેમભક્તિ. „ ૩૫૧
૧૮ પ્રભુ પૂજા ભક્તિ પ્રસંગે સાચવવાની ૭ શુદ્ધિ. „ ૩૫૨
૧૯ થુલિભદ્રજીએ ગુણિકાને કરેલો બોધ. ( અમીચંદ કરશનજી શેઠ ). ૩૫૭

૬ સામાજીક લેખો. ( ૧૧ )

૧ સુરત આગમોદય સમિતિમાં આપેલ ભાષણ. ૧૨૧
૨ આગમોદય સમિતિની વાર્ષિક સાધારણ સભાનો રીપોર્ટ. ૧૨૬
૩ શેઠ આ. ક. ના. સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગનો હેવાલ. ૧૮૯
૪ આગમોદય સમિતિ તરફનો ખુલાસો. ૧૯૦
૫ શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમનો હિસાબી રીપોર્ટ. ૨૫૬
૬ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો રીપોર્ટ. ૧૯૨
૭ અગ્યારમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો પ્રાથમિક હેવાલ. અંક ૯ ટાઇટલ.
૮ નામદાર હિંદી વજીરને આપવામાં આવેલ માનપત્ર. ૨૮૫
૯ અગ્યારમી જૈન કોન્ફરન્સનો સવિસ્તર રીપોર્ટ. ૨૯૦ થી ૩૪૮
૧૦ આગમવાચના મુલતવી રાખતાં પં. આણંદસાગરજીનું વ્યાખ્યાન. ૩૬૨
૧૧ હિંદુ યુનિવર્સીટીમાં સહાય આપવા માટે થયેલ ફંડ. ૩૭૯

૭ પ્રકીર્ણ લેખો. ( ૧૦ )

૧ નવું વર્ષ. ૭
૨ એક અનુકરણીય પગલું. અંક ૧ ટાઇટલ.
૩ પાટણ તાબે ચારૂપ કેસનો ફેસલો. „
૪ મ્હારૂં તેત્રીશમું વર્ષ. નંદલાલ લલુભાઇ વકીલ. ૫૩
૫ તેત્રીશમા વર્ષના લેખમાં સુધારો. ૯૬
૬ સાચા મિત્રનાં લક્ષણ. ( મુ. ક. વિ. ) ૧૨૭
૭ જિનપ્રતિમાના બાહ્ય દેખાવમાં થયેલ ફેરફાર. ૧૮૬
૯ પ્લેગને વખતે કરવા જોઇતા વિચારો. ૨૧૩
૧૦ જિનપ્રતિમાના સંબંધમાં કંઇક વક્તવ્ય. ( મુ. ક. વિ. ) ૨૬૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ સ્વીકાર અને સમાલોચના. ( ૩ )

૧ પુસ્તકોની પહોંચ–અનુયોગદ્વાર સૂત્ર સંક્ષિપ્ત સારાંશ ૧, પ્રકરણ પુષ્પ-માળા–દ્વિતીય પુષ્પ ૨, જિનભક્તિ આદર્શ ૩, જૈનમાં મરણ પ્રમાણ ઘટાડવા સંબંધી નેતાઓની ફરજ ૪, શ્રાવિકા–સ્ત્રીસુખ દર્પણ ૫. ૩૧

૨ પુસ્તકોની પહોંચ–વિશેષશતક ૧, હૃદયપ્રદીપનું ઇંગ્લિશ ભાષાંતર ૨, યશોવિજયજી કૃત ચોવીશી સાર્થ. ૩, ત્રિસ્તુતિક મતમિમાંસા ૪, પરિશિષ્ટ પર્વ હિંદી ભાષાંતર. ૫. ૧૫૮

૩ મૂર્ત્તિમંડન પ્રશ્નોત્તર. અંક ૮ ટાઇટલ.

૯ વર્તમાન સમાચાર. ( ૪ )

૧ મહુવામાં બાળાશ્રમની સ્થાપના, મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી જયંતી, કુંડલામાં કલેશનું નિર્મૂળ થવું. ૯૪

૨ લીંબડી જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક બોર્ડીંગ. અંક ૬ ટાઇટલ.

૩ એક યુવાન જૈનબંધુની વૈદિક વિદ્યામાં ફતેહ. ”

૪ ધોલેરા જૈન જ્ઞાન પ્રવેશક સભાનો વાર્ષિક મહોત્સવ. અંક ૫ ટાઇટલ.

૧૦ ખેદકારક મૃત્યુની નોંધ. ( ૯ )

૧ શા. ભગવાનજી ઝવેરચંદ. ધોરાજી. ( સભાસદ ) અંક ૨ ટાઇટલ.

૨ શા. ચુનીલાલ નાનચંદ. ગોઘા. ” ”

૩ શેઠ મોહનલાલ સાંકળચંદ. અમદાવાદ. ” ૧૫૯

૪ મુનિરાજ શ્રી કેવળવિજયજીનો સ્વર્ગવાસ. ૧૬૦

૫ શા. જગજીવનદાસ નથુભાઈ. મહુવા. ( સભાસદ ) અંક ૬ ટાઇટલ.

૬ એક ગૃહસ્થ મહા પુરૂષનો સ્વર્ગવાસ. ( બાબુસાહેબ બદ્રીદાસજી ) ૨૨૨

૭ શા. નાગરદાસ વલભદાસ. ભાવનગર. ( સભાસદ ) અંક ૭ ટાઇટલ.

૮ એક માનવંતા પુરૂષનું મૃત્યુ. ( શેઠ રામચંદ જેઠાભાઇ ) અંક ૧૧ ટાઇટલ.

૯ શા. માવજી ગોવિંદજી. ભાવનગર. ( સભાસદ ) ”

પ્રગટકર્ત્તા,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૩ મું. ] ચૈત્ર. સંવત ૧૯૭૩. વીર સંવત ૨૪૪૩. [ અંક ૧ લો.

श्री जिनसुंदरसूरिकृतम्

## ॥ श्री सीमंधरजिनस्तवनम् ॥

श्रीमन्तमर्हन्तमनन्तचिन्मयं । त्वां भक्तितो नाथ यथार्थवाङ्मयम् ।
सीमन्धरश्रीजिनमस्तदूषणं । स्तवीम्यहं पूर्वविदेहभूषणम् ॥ १ ॥

रक्तो गुणैः किं नतनाकिराज ते । सेवां श्रितोऽशोकतरुः सुराजते ॥
आजानुनानाविधवर्णवन्धुरः । पुष्पव्रजोऽप्यद्भुतसौरभोध्धुरः ॥ २ ॥

सर्वांगभाजां प्रतिबोधकारक—स्तव ध्वनिः शान्तरसावतारकः ॥
चंचच्चलच्चामरराजिरुज्वला । पार्श्वेषु ते चन्द्रमरीचिमंजुला ॥ ३ ॥

तथांशुजालैर्जटिलं तवासनं । सिंहाश्चितं भाति तमोनिरासनम् ॥
भामंडलं भासितभूमिमण्डलं । बभस्ति पृष्ठे जितभानुमण्डलम् ॥ ४ ॥

सदुन्दुभिस्ते दिवि विस्मयप्रदो । नदन्न केषां ददते च संमदम् ॥
छत्रत्रयं कुन्दवरेन्दुसुन्दरं । विश्वाधिपत्यं तव सूचयत्यरम् ॥ ५ ॥

स्फुरज्ज्ञानसन्तानलक्ष्मीनिधानं । भजन्तेऽत्र ये ते पदाब्जं प्रधानम् ॥
अरं तेष्वमेया रमन्ते विरामं । सहर्षं विशेषा रमाया निकामम् ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अवाप्य प्रजा भूरिभाग्यैकलभ्यं । भजन्ते भवन्तं विभो शर्मलभ्यम् ॥
किमु स्थूललक्ष्मं लसत्कल्पवृक्षं । लभन्ते न लब्ध्वा नरा मंक्षु सौख्यम् ॥७॥

लसत्केवलज्ञाननव्यांशुमाली । मरालावलीमंजुलश्लोकशाली ॥
धराधीश सीमन्धर त्वं लुनीषे । जनेनांसि यस्मान्न कं कं पुनीषे ॥ ८ ॥

प्रभो प्रातरुत्थाय यो नंनमीति । भवन्तं न सोऽङ्गी भवे बंभ्रमीति ॥
त्वदुक्तेषु येषां मनो रंरमीति । भयेनैव तेभ्यो भयं दन्दमीति ॥ ९ ॥

अविश्रामदृक्पेय लावण्यगेहं । भवन्तं निभाल्य प्रभो हेमदेहम् ॥
कृतार्थानि कुर्वन्ति ये नित्यमेव । स्वनेत्राणि धन्यास्त एवेह देव ॥ १० ॥

महाश्चर्यमैश्वर्यमीश त्वदीयं । प्रमोमुद्यतेऽवेक्ष्य चेतो यदीयम् ॥
न केषां भवेयुस्तमां माननीया । धनश्लोकभाजश्च ते श्लाघनीयाः ॥ ११ ॥

आपत्तापाद्रक्षितारं क्षितारं । भव्यव्रातं विश्वविश्वेशितारम् ॥
सेवन्ते त्वां के न मर्त्या अमर्त्या । मूर्त्तं धर्मं नाथ मुक्तान्यकृत्याः ॥ १२ ॥

नीरागोऽपि ग्रामरागं गृणासि । सन्मायोऽपि व्यक्तमायां मृणासि ॥
निस्त्रैगुण्यः सद्गुणौघं च धत्से । कस्याश्चर्यं तेन नेतर्न दत्से ॥ १३ ॥

सीमातीतां विश्वहर्षप्रणालीं । कोऽन्यस्तेऽलं स्तोतुमास्ते गुणालीम् ॥
लोकालोकाकाशसर्वप्रदेशा—नीष्टे ज्ञातुं को विना श्रीजिनेशात् ॥ १४ ॥

भावारिभ्यो भूरिभीत्याऽवसन्ना । देवाः सर्वे यस्य सेवां प्रपन्नाः ॥
दीनं दीनं देव सीमंधराख्य । स त्वं रक्षादक्ष मां रक्ष रक्ष ॥ १५ ॥

मत्यूषे त्वां नंनमन्नाकिनाथं । क्षोणिख्यातं केवलश्रीसनाथम् ॥
के के धन्या नैव मिथ्यात्वमाथं । संसेवन्ते सन्ततं तीर्थनाथम् ॥ १६ ॥

इति सुधमधुरत्वोऽमन्दमानन्ददायी । सुरनरवरतिर्यग्सर्वभाषानुयायी ॥
वसति मनसि नेतर्ध्वस्तमोहप्रमाद—स्तव कृतसुकृतानां देशनाया निनादः॥१७॥

अमरनरगणानां संशयान् संहरन्ती । शिवपुरवरमार्गं देहिनां व्याहरन्ती ।
भवति शरणहेतुः कस्य नो नाथवाणी । भवभवभयभाजस्तेऽयवल्लीकृपाणी ॥१८॥

असुरसुरतिरश्चां यत्र वैरोपशान्तिः । स्फुरति हृदि वरिष्ठाऽऽनन्दचित्तप्रशान्तिः ॥
समवसरणभूमिर्विश्व विश्वासभूमि—र्जगति जनशरण्या तेऽस्त्यवानामभूमिः॥१९॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनुसरति तपोर्थं काननं वा धनं वा । त्यजति सृजति जन्तुः संयमौघं घनं वा॥
तव वचनविलासैर्यद्विना देवदेव । भवति जिनपते तन्निष्फलं सर्वमेव ॥२०॥

भक्तिप्रह्वत्रिदशविसरं घोरसंसारसिन्धुं ।
भ्रान्त्वा प्रापं शरणमधुना त्वामहं विश्वबन्धुम् ॥
श्रीमन् सीमन्धर जिन तथा तत्प्रसीद त्वमेव ।
यद्वद्दीनः पुनरिह भवे नो विषीदामि देव ॥२१॥

दुःस्थावस्थास्थपुटितभवापारवन्यां विहीनः ।
सम्यग्मार्गाद् भ्रमणवशतो दुर्दशां देव दीनः ॥
नाऽऽप्तः कां कामिह पुनरवाप्तेऽपि गन्तुं प्रमादः ।
तस्मिन् दत्ते न मम हृदये तेन नेतर्विषादः ॥ २२ ॥

सेवं सेवं तव पदयुगं स्यां कृतार्थः कदाऽहं ।
पीत्वा वाक्यामृतरसमहं स्वं क्षिपे कर्मदाहम् ॥
इत्येवं मे सदभिरुचितं देव पादप्रसादात् ।
पूर्त्तेर्वीथीमनुसरतु ते दत्तदुःखावसादात् ॥२३॥

राज्यै राज्यैरिव विषयुतैर्नाथता विश्वनेत–
र्भोगै रोगैरिव मम सृतं सर्वदोषापनेतः ॥
दिष्ट्या दृष्ट्वा तव परपदाम्भोजयुग्मं कृतार्थः ।
प्रेक्ष्य प्रेक्ष्य क्षपितदुरितः स्यां नु लब्धार्थसार्थः ॥२४॥

एवं निर्भरभक्तिसंभृतहृदा नोऽतिक्रियाकर्मतां ।
नीतः स्फीततमप्रभावभवनं त्वं नाथ सीमन्धर ॥
तद्वत्तन्मयदेव सुन्दरतरं कुर्याः प्रसादं यथा ।
भूयासं भवदुक्तशासनवराऽऽसेवाविधौ सोद्यमः ॥२५॥

॥ इति श्रीसीमन्धरस्वामिस्तवनं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીસીમંધર જિન સંસ્કૃત સ્તવન સારાંશ.

૧ અશોક વૃક્ષાદિક આઠ પ્રાતિહાર્ય પ્રમુખ અનેક અતિશયે કરી યુક્ત, ત્રિભુવન પૂજ્ય, અનંત જ્ઞાનમય, અને યથાર્થવાદી એવા શ્રી સીમંધર પ્રભુ કે જે સમસ્ત દોષરહિત સતા પૂર્વવિદેહના ભૂષણરૂપ છે તેને હું સ્તવું છું.

૨ જેને ઇન્દ્રાદિક દેવો નમી રહ્યા છે એવા આપના ગુણોવડે રક્ત થયો સતો **અશોકવૃક્ષ** આપની સેવા કરવા આવ્યો હોય તેમ તે સારી રીતે શોભે છે; તેમજ અદ્‌ભુત ખુશબોદાર અને વિધવિધ વર્ણથી શોભતો **પુષ્પોનો સમૂહ** પણ ઢીંચણપ્રમાણ ( દેવતાઓએ વર્ષાવેલો ) આપની પાસે શોભી રહ્યો છે.

૩ મૂર્ત્તિમાન્ શાન્તરસ જ હોય ( શાન્તરસ રૂપ ) એવો આપનો **દેશના-ધ્વનિ** સર્વ કોઇ પ્રાણીઓને પ્રતિબોધ કરી રહ્યો છે; અને ચોતરફ આપની બંને બાજુએ ચંદ્રમાનાં કિરણો જેવી મનોહર અને ઉજ્વળ **ચામરોની શ્રેણિ** વીંજાઈ રહી છે.

૪ તથા નિર્મળ કિરણોથી વ્યાપ્ત સતું અંધકારને ફેડી દેનારૂં આપનું **સિંહાસન** શોભી રહ્યું છે; તેમજ સૂર્યમંડળનો ગર્વ હરનારૂં અને ભૂમિમંડળને ભાસિત કરનારૂં **ભામંડળ** આપની પુંઠે પ્રકાશી રહ્યું છે.

૫ વિસ્મય પમાડતો અને આકાશમાં થતો **દેવદુંદુભીનો નાદ** કોને કોને હર્ષ ઉપજાવતો નથી ? અર્થાત્ તે સહુ કોઇને હર્ષ ઉપજાવે છે, અને મચકુંદનાં પુષ્પ તથા ચંદ્ર સરખા સુંદર ( ઉપરાઉપર રહેલાં ) **ત્રણ છત્રો** સમર્થપણે આપનું સર્વૈશ્વર્ય સૂચવે છે.

૬ જે ભવ્યજનો જાજવલ્યમાન જ્ઞાનલક્ષ્મીના નિધાનરૂપ આપના શ્રેષ્ઠ ચરણકમળને અત્ર સેવે છે તેમને માપ વગરની ( અતુલ ) લક્ષ્મી સહર્ષ સહેજે જ આવીને વરે છે, અને એમનાથી કદાપિ વિછુટી પડતી નથી.

૭ મહાભાગ્યે—પૂરા પુન્યયોગે જેની પ્રાપ્તિ થઇ શકે એવા આપને પામીને જે ( ભાગ્યશાળી ) પ્રજાજનો આપનું ભજન કરે છે તે શ્રેષ્ઠ સુખને પામે છે, શું મનોહર કલ્પવૃક્ષને સાક્ષાત્ પામ્યા પછી પ્રાણીઓને શીઘ્ર સુખ મળતું નથી ?

૮ હે પ્રભો ! મહા યશસ્વી અને દેદીપ્યમાન કેવળજ્ઞાનદિવાકર એવા આપ ભવ્ય જનોનાં પાપ-પંકને ટાળી કોને કોને પાવન કરતા નથી ? મતલબ કે આપ આપના સહુ સેવકોના પાપ-પંકને નિવારી તેમને પાવન કરો છો.

૯ હે પ્રભો ! જે કોઇ ભવ્યાત્મા પ્રભાતે ઉઠીને આપને વારંવાર પ્રણામ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેને ભવભ્રમણ કરવું પડતું નથી ( જન્મ મરણના ફેરા ફરવા પડતા નથી. ) અને જેમનું મન આપનાં અમૃત વચનમાં લાગી રહ્યું છે તેમનાથી ભય માત્ર દૂર પલાયન કરી જાય છે--તેમની નજદીક કોઈ પ્રકારનો ભય આવી શકતો નથી.

૧૦ હે પ્રભો! અનિમેષ લોચનવડે નિરખવા યોગ્ય લાવણ્યથી ભરેલા સુવર્ણ દેહવાળા આપને નિરખી નિરખીને જે ભવ્ય જનો પોતાનાં નેત્રને સફળ કરે છે તે ભાગ્યવંત જનોજ જગતમાં ધન્ય-કૃતપુન્ય છે એમ હે દેવ ! હું માનું છું.

૧૧ હે ઈશ ! આપની અતિ અદ્ભૂત ઐશ્વર્યતા અવલોકી જેમનાં ચિત્ત પ્રમુદિત થાય છે તે પ્રશંસનીય પુરૂષો પ્રકર્ષે કરી કોને કોને માનનીય-સત્કારણીય અને પુષ્કળ સ્તુતિપાત્ર થતા નથી ? અપિતુ સહુ કોઇ તેમને બહુ માને છે. વિગેરે વિગેરે.

૧૨ હે નાથ ! ભવ્ય પ્રાણીઓને આપદાના તાપથી રક્ષતા, કર્મરિપુનો ક્ષય કરતા અને સમસ્ત જગતનું પાલન કરતા મૂર્તિવંત ધર્મસ્વરૂપ આપને સહુ કોઈ માનવો અને દાનવાદિક દેવો સઘળાં કામ તજીને સેવે છે.

૧૩ હે પ્રભો! આપ નીરાગી છતાં ઉપદેશ સમયે ગ્રામ રાગ ગાઓ છો, સન્માય એટલે સત્પ્રાતિહાર્ય રૂપી લક્ષ્મીને પ્રાપ્ત થયા છતાં વ્યક્ત માયાને કાપો છો, અને ત્રિગુણ--રજસ્ તમો અને સત્વગુણ રહિત છતાં સદ્ગુણ સમુદાયને ધારો છો, તેથી આપ સહુ કોઇને આશ્ચર્ય પમાડો છો.

૧૪ હે નાથ ! જગતને હર્ષદાયક અને જેની ગણત્રી કરી ન શકાય એવા આપના ગુણોની શ્રેણિને સ્તવવા કોણ સમર્થ થઈ શકે એમ છે ? લોકાલોક આકાશના સર્વ પ્રદેશોને શ્રી જિનેશ વગર કોણ જાણવા સમર્થ છે ?

૧૫ કામ ક્રોધાદિક અંતરંગ શત્રુઓથી ભારે ભીતિ પામીને શિથિલ થઈ ગયેલા સઘળા દેવોએ જેની સેવાનો આશ્રય કરેલો છે એવા હે શ્રી સીમંધર પ્રભો ! આપ સર્વનું રક્ષણ કરવા સમર્થ છો, તેથી અત્યંત દીન એવા મારી રક્ષા કરો ! કરો ! ! સહુનું રક્ષણ કરવા સમર્થ એવા આપને મારૂં રક્ષણ કરવું સુલભ છે.

૧૬ સદાય પ્રભાતમાં જેમને ઇંદ્રો અત્યંત આદરથી નમસ્કાર કરે છે, જે કેવળજ્ઞાનલક્ષ્મી સહિતઃ હોઇ વિશ્વ વિખ્યાત છે અને જે તત્ત્વવિપર્યય રૂપ મિથ્યાત્વને ફેડી નાખે છે એવા શ્રી તીર્થનાથને સહુ કોઈ ધન્ય-કૃતપુન્ય આત્માઓ સદાય સાવધાનપણે સેવે છે.

૧૭ હે નાથ ! અમૃત જેવી મધુરતાથી અતિ આનન્દદાયક, સહુ દેવ, મનુષ્ય અને તિર્યંચ આપ આપણી ભાષામાં સમજી જાય તેવો અને મોહ પ્રમાદનો ધ્વંસ કરે એવો આપની દેશનાનો ગંભીર ધ્વનિ પુન્યવંત પ્રાણીઓના મનમાં વાસ કરી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮ દેવતાઓ અને માનવોના સંશયોને ફેડી દેતી, ભવ્યજનોને મોક્ષનો ઉત્તમ માર્ગ બતાવતી અને પાપરૂપી વેલીનું ઉચ્છેદન કરતી એવી ભવભવના ભયને ભંજન કરનારા એવા હે નાથ! આપની અમૃતવાણી કોને રૂચિકર થતી નથી? અર્થાત્ એ આપની અમૃત સમાન મીઠી અમોઘ વાણી સહુ કોઈ ભવ્યાત્માઓને રૂચિકર થાય જ છે.

૧૯ હે પ્રભો! જ્યાં દેવ દાનવો અને તિર્યંચોનાં જાતિવૈર શમી જાય છે અને શ્રેષ્ઠ આનંદ વાળી ચિત્તસમાધિ હૃદયમાં સ્ફુરે છે, એવી આપની નિષ્પાપ સમવસરણભૂમિ સહુ કોઇ પ્રાણીઓને વિશ્વાસદાયક હોવાથી જગતમાં પ્રાણી માત્રને શરણ કરવા લાયક બને છે.

૨૦ હે દેવાધિદેવ! હે જિનપતે! કોઇ પ્રાણી તપસ્યા માટે વનવાસ આદરે છે, ધન તજે છે, અથવા બહુ આકરૂં સંયમ પાળે છે; પરંતુ તે આપના વચનથી નિરપેક્ષ-વિરૂદ્ધપણે હોય તો તે સઘળું નિષ્ફળ જ જાય છે.

૨૧ સત્ પ્રાતિહાર્ય પ્રમુખ અતિશય સમેત હે સીમંધર પ્રભો! ઘોર સમુદ્રમાં ભટકી ભટકીને હવે જેને દેવતાઓનો સમૂહ ભક્તિથી નમી રહ્યા છે એવા અને વિશ્વના બંધુરૂપ આપને શરણે આવ્યો છું તેથી આપ મારા ઉપર એવી કૃપા કરો કે જેથી ફરીવાર હે દેવ! હું દીન-દુઃખી છતો આ સંસારસાગરમાં વિષાદ પામું નહિ.

૨૨ હે પ્રભો! સમ્યગ્ માર્ગ રહિત દીન-દુઃખી છતો હું ભીષણ ભવઅટવીમાં ભ્રમણ વશ કઇ કઇ દુર્દશાને પામ્યો નથી? વળી હે નાથ! ભાગ્યયોગે ખરો માર્ગ હાથ આવ્યો છે, તો પણ મને પ્રમાદ તે સાચામાર્ગમાં ચાલવા દેતો નથી તેથી મારા હૃદયમાં ખેદ રહ્યા કરે છે.

૨૩ હે નાથ! આપના ચરણયુગલને સેવી સેવી હું ક્યારે કૃતાર્થ થાઉં? અને આપના ઉપદેશ રૂપ અમૃત રસનું પાન કરી કરી ક્યારે હું કર્મદાહને ટાળું? એજ મારો ઉત્તમ મનોરથ સર્વ દુઃખને દળી નાંખનાર આપના ચરણ પસાયથી પૂર્ણતાને પામો! એટલુંજ હું માગું છું- પ્રાર્થું છું.

૨૪ હે વિશ્વ નાયક! હે સર્વ દોષટાળક! વિષયુક્ત ઘી ની જેવાં રાજ્યસુખનું મારે કામ નથી, રોગની જેવા ભોગની પણ મારે ગરજ નથી, સદ્ભાગ્ય યોગે આપનાં ઉત્તમ ચરણ કમળને નિરખી નિરખી કૃતાર્થ છતો હું સઘળા પાપનો ક્ષય કરૂં એટલે મને સર્વ ઋદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઇ ચૂકી એમ હું માનું છું.

૨૫ અતિશય પ્રભાવંત હે સીમંધર પ્રભો! આ રીતે અત્યંત ભક્તિયુક્ત હૃદયથી લગારે અતિશયોક્તિ કર્યા વગર મેં આપના સદ્ભૂત ગુણોનીજ સ્તુતિ કરી છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી હે નાથ ! આપ મારા ઉપર એવો ઉત્તમ પસાય કરો કે જેથી હું આપે ફરમાવેલી ઉત્તમ આજ્ઞાઓનું યથાવિધિ પાલન કરવા ઉજમાળ બનું. ઇતિશમ્.

મુનિમહારાજ કર્પૂરવિજયજી.

# નવું વર્ષ.

પરમઉપકારી સર્વોત્કૃષ્ટ ગુણગણાલંકૃત પરમપૂજ્ય પંચ પરમેષ્ટિને શુદ્ધ અંતઃકરણપૂર્વક ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરીને હું નવા વર્ષમાં પ્રવેશ કરૂં છું. આજે મને બત્રીશ વર્ષ પૂરાં થઇ તેત્રીશમું વર્ષ શરૂ થાય છે. મનુષ્યો તેમજ અન્ય સર્વ પ્રાણીઓ જેમ જેમ વયમાં વધતા જાય છે તેમ તેમ આયુષ્યની મર્યાદામાં ઘટતા જાય છે તેમ મારે માટે નથી. કારણકે મારી આયુમર્યાદા કાંઇ મર્યાદિત નથી, એટલુંજ નહીં પણ હું તો જેમ જેમ વયે વૃદ્ધિ પામું છું તેમ તેમ મારા અંગભૂત લેખોનું એકંદર સાહિત્ય સંગ્રહિત કરતું જાઉં છું કે જેથી મારી જીંદગી સફળ ગણાય છે. વળી હું તો જિનવાણીના નિર્ઝરણ રૂપ છું, મારા અંગમાં તેનાજ રજકણો ભરેલા છે તેથી મારી સ્થિતિ અનાદિ અનંત તેમજ અમુક ક્ષેત્રની અપેક્ષાએ સાદિસાંત ગણાય છે. આ મારૂં મૂળ સ્વરૂપ છે અને તેથી જ જિનવાણીથી વિરૂદ્ધ એક અક્ષર પણ જો પ્રમત્તભાવથી મારા અંગમાં પ્રવેશ પામી જાય તો તેટલું મારૂં અંગ શ્યામભાવને-મલિનભાવને પામી જાય તેને માટે સતત્ ઉપયોગ રાખવો-સાવધાન રહેવું-જિનવાણી વિરૂદ્ધ લેખ કે લેખાંશ પણ આવવા ન દેવો એજ મારા પ્રકાશકોનું લક્ષ્ય છે.

દર વર્ષની માફક ગત વર્ષમાં પણ અમુક પૃષ્ટોના વધારા સાથે એકંદર ૪૦૨ પૃષ્ટનું વાંચન મેં મારા ઉત્સાહી વાંચનારાઓને પૂરૂં પાડ્યું છે. તેની અંદર જુદા જુદા ૧૦ વિભાગમાં એકંદર ૭૫ લેખો આપવામાં આવ્યા છે. તેમાં પણ સંવાદસુંદર અંતર્ગત બે લેખ અને જૈની અહિંસાની અંતર્ગત પાંચ લેખ પૃથક્ પૃથક્ હોવાથી એકંદર લેખની સંખ્યા ૮૦ ની થાય છે. તેમાં પ્રકીર્ણ લેખોમાં ૭ અને સ્વીકાર ને સમાલોચના વિગેરે ત્રણ વિભાગના પેટાના ૧૫ લેખો નાના છે, તેમજ દશ લેખો ઘણા મોટા વિસ્તારવાળા છે. દશમી જૈન કોન્ફરન્સના રીપોર્ટવાળા લેખે ૪૮ પૃષ્ટ રોકયા છે અને ચંદરાજાના રાસવાળો લેખ ૬ અંકમાં, પ્રશમરતિવાળો ૮ અંકમાં, બુદ્ધિસ્વરૂપ ૨ અંકમાં, યોગ્યાયોગ્ય શિષ્ય પરીક્ષા ૪ અંકમાં, સમયસાર પ્રકરણ ૩ અંકમાં, જૈનોનું અધ્યાત્મશાસ્ત્ર ને નિતિશાસ્ત્ર ૨ અંકમાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બારના સૌજન્યવાળો લંબાણુ લેખ ૪ અંકમાં, જિનરાજભક્તિવાળો લેખ ૨ અંકમાં અને જૈનોના આસ્તિક્યવાળો લેખ ૨ અંકમાં આવેલો છે. આ બધા લેખો જેવા વિચારવાળા છે તેવાજ શાસ્ત્રીય હોવાથી ખાસ વાંચવા લાયક છે.

ઉપર બતાવ્યા પ્રમાણે એકંદર ૮૦ લેખો પૈકી ૨૬ લેખ પદ્યબંધ છે અને ૫૪ ગદ્યબંધ છે. પદ્યબંધના લેખકમાં આ વર્ષે મુખ્ય ભાગ રત્નસિંહ દુમરાકર નામના કચ્છી બંધુએ લીધો છે. તેના ૧૨ લેખો છે, ૬ પ્રસિદ્ધ કવિ સાંકળચંદના લેખ છે, ૩ દુર્લભજી ગુલાબચંદ મહેતા વળા નિવાસીના છે, ૩ અમીચંદ કરશનજી શેઠના છે અને ૨ મર્હુમ દિલખુશ ઉર્ફે દલસુખભાઇના છે. એની અંદર દુમરાકરના કેટલાંક પદ્ય બહુ જ અસરકારક છે, દુર્લભજી મહેતાનું વ્યભિચાર દોષવાળું પદ્ય અસરકારક છે અને કવિ સાંકળચંદનું આશાની અભિલાષાવાળું પદ્ય અસરકારક છે. બીજાં પદ્યો પણ વાંચતાં તદ્રૂપ બનાવી દે તેવા છે.

ગદ્ય લેખો પૈકી મોટો ભાગ તંત્રીનો લખેલો છે, પરંતુ તેમાં નાના નાના લેખોની ભરતી વિશેષ છે. મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજની લેખ સંખ્યા માત્ર ૫ નીજ છે, પરંતુ તેમના લેખો વિના એક પણ અંક ખાલી હોતોજ નથી. પ્રશમરતિ વાળો તેમનો લેખ ચાલુ છે. સમયસાર પ્રકરણના રહસ્યવાળો લેખ તો આ વર્ષના ત્રણ અંકમાજ સાદ્યંત અપાયેલો છે અને બાકીના ૩ નાના લેખો છે. મૌક્તિકે સૌજન્યવાળો લેખ આ વર્ષે સમાપ્ત કર્યો છે. તેના ૧૨ વિભાગો પૈકી છેલો વિભાગ બારમું સૌજન્ય ( દુઃખિતેષુ કુરૂ દયામ્ ) એ ઘણો વિસ્તારથી લખ્યો છે. તેણે ૪ માસિકના ૪ થી ૫ ફારમો રોકયા છે. મૌક્તિકના લઘુ બંધુ નેમચંદ ગીરધરલાલ કાપડીઆએ સ્વતંત્ર લેખ લખેલ નથી, પરંતુ ઇંગ્રેજીમાં લખાયેલા ઘણા ઉપયોગી લેખોનું ભાષાંતર ગુજરાતીમાં કરી આપી તેવા અપૂર્વ લેખોનો લાભ મારા વાંચનારાઓને આપ્યો છે. તેમણે જૈનોનું આસ્તિક્ય, જૈનોનું અધ્યાત્મશાસ્ત્ર ને નીતિશાસ્ત્ર તથા જૈની અહિંસાના ૪ લેખ મળી ૬ લેખોનું ભાષાંતર આપેલું છે. મૌક્તિકે એક લેખ 'એક સ્મરણીય દિવસ' નો લખ્યો છે તે પણ બહુજ અસરકારક છે. વકીલ નંદલાલ લલુભાઇએ મારૂં ૩૨ મું વર્ષ અને જૈની અહિંસા એ બે લેખો લખ્યા છે. બાકીના ૭ જુદા જુદા લેખકોના એકેક લેખ છે. તેમાં પ્રાકૃત ભાષાના મહત્વવાળો લેખ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીનો લખેલો વાંચવા લાયક છે. મુનિ રત્નવિજયે તો સૂચના રૂપે એક નાનો સરખો લેખજ લખ્યો છે. બાકી અમીચંદ કરશનજી, વેણીચંદ સુરચંદ, ડાહ્યાભાઇ મોતીચંદ, પાનાચંદ કરમચંદ અને નંદલાલ વજેચંદના લેખો નાના નાના છતાં પણ વાંચવા લાયક છે. એ બધાં લેખકોએ મારી ઉપર સારો ઉપકાર કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તંત્રીના નાના મોટા ૩૧ લેખો પૈકી ચંદરાજાના રાસ ઉપરથી નીકળતા સારવાળો લેખ ૬ અંકમાં આપી આ વર્ષે સમાપ્ત કરવામાં આવ્યો છે. તેની જુદી બુક પણ છપાય છે કે જેની અંદર મૂળ રાસ પણ આવનાર છે. સંવાદસુંદર નામના ગ્રંથમાંથી બાકી રહેલા બે સંવાદોનું ભાષાંતર આપી તે ગ્રંથ પૂર્ણ કર્યો છે. યોગ્યાયોગ્ય શિષ્યપરીક્ષા અને બુદ્ધિસ્વરૂપવાળો લેખ શ્રીનંદીસૂત્રની ટીકામાંથી ભાષાંતર કરાવીને આપવામાં આવેલ છે. તેમાં પહેલો લેખ પૂર્ણ કર્યો છે અને બીજો ચાલુ છે. જિનરાજ ભક્તિવાળો લેખ ગત વર્ષમાં ભક્તિ મિષે થતી આશાતનાવાળો લેખ જુદો છપાવવાના ઇચ્છકે કરેલી માગણી ઉપરથી તેના પ્રારંભમાં આપવા માટે લખ્યો છે. બાકી બે લેખ તો જૈન કોન્ફરન્સમાં અને મહાવીર વિદ્યાલયમાં તેમણે આપેલા ભાષણના છે. સામાજિક લેખો ૪ પૈકી એક મુનિરાજશ્રી કર્પૂરવિજયજીનો છે. બાકીના ૪ માં મોટો લેખ દશમી જૈન કોન્ફરન્સના રીપોર્ટનો છે અને ત્રણ લેખો પ્રસંગાનુસાર લખવામાં આવ્યા છે. પ્રકીર્ણ લેખોમાં લેખકના નામ વિનાના ૫ લેખો તંત્રીના છે. તેમાં ખમતખામણાના પત્રો અને સિદ્ધાચળ ઉપર મૂળનાયકજીની પૂજાવાળો લેખ ખાસ ધ્યાન ખેંચવા લાયક છે, હજુ પણ તે બંને લેખ ઉપર લક્ષ આપવાની વિનંતિ કરવામાં આવે છે. ત્યારપછીના સ્વીકાર ને સમાલોચનાવાળા ૩ લેખો તંત્રીના છે. તેમાં પાટણની પ્રભુતાવાળો લેખ ખાસ ધ્યાન આપવા યોગ્ય છે. વર્તમાન સમાચારના પેટામાં લખેલા સાતે લેખો ખાસ નોંધ રાખવા લાયક હકીકતોને અંગેજ લખાયેલા છે. છેવટમાં ૫ ખેદકારક નોંધ છે. તેમાં એક ઉત્તમ મુનિરાજની અને ૪ સભાસદોના મૃત્યુની નોંધ છે. ઉત્તમ મુનિરાજનો અભાવ થવાથી શાસનને ખામી લાગે છે તેમજ લાયક સભાસદોનો અભાવ થવાથી સારી સંસ્થાને પણ ખામી આવે છે પરંતુ કાળની ગતિ દુર્નિવાર્ય હોવાથી તેને સહન કરી અન્ય ઉત્તમ સભાસદોની વૃદ્ધિ કરવી એજ લક્ષ્ય રાખવા યોગ્ય છે.

ઉપર પ્રમાણે તંત્રીના ૩૧ લેખોનું, ગદ્યમાં લખાયેલા ૫૪ લેખોનું અથવા એકંદર ગદ્યપદ્યાત્મક લખાયેલા ૮૦ લેખોનું રહસ્ય છે. એની અંદર માત્ર પ્રશમરતિ અને બુદ્ધિસ્વરૂપવાળા લેખ સિવાય તમામ લેખો પૂર્ણ આપવામાં આવ્યા છે.

હવે પ્રસ્તુત વર્ષને માટે મારા ઉત્પાદકો, પોષકો અને લેખરૂપે સહાયકોનો આંતરિક હેતુ મારા સમજવામાં એવો આવ્યો છે કે પ્રસ્તુત વર્ષમાં પ્રશમરતિવાળો લેખ પૂર્ણ કરવો, બુદ્ધિસ્વરૂપમાં ચારે પ્રકારની બુદ્ધિ ઉપરના દૃષ્ટાંતો આપવા, રાસના રહસ્ય તરીકે હિતશિક્ષાનો રાસ લેવો અને તેની અંદર શ્રાવકોનું કર્તવ્ય યથાર્થ સમજાવવું. પ્રસંગોપાત નાની નાની કથાઓ પણ મૂકવી. એકાદ કથાનકના ગ્રંથની નવી યોજના કરી દરેક અંકમાં કથારસીક વાંચનારાઓની [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચર્ચા કરવી, સુક્તમુક્તાવળીની અંદરના પૃથક્ પૃથક્ વિષયના માલિની વૃત્તો લઈને તેનાપર સારૂં વિવેચન લખવું, સમયોચિત નવીન પ્રનાલિકાએ કેટલાક લેખો લખવા, મોડર્ન રીવ્યુ વિગેરે ઇંગ્લિશ માસીકોમાં આવતા ઉપયોગી લેખોના ભાષાંતરો આપી તે પ્રકારની ખામી પણ ન આવવા દેવી, ઇત્યાદિ અભિલાષા મારા સમજવામાં આવી છે. તદુપરાંત નવીન નવીન લેખકોને લેખો લખવાનું આમંત્રણ કરીને વાંચકોની દરેક પ્રકારની અભિલાષા તૃપ્ત કરવાની ધારણા છે એમ હું સમજી શકું છું.

આ મારા અભ્યંતર સ્વરૂપના લક્ષ્યની જે હકીકત રોશન કરવા યોગ્ય મને લાગી તે મેં રોશન કરી છે. મારી ગતિ બહુ ધીમી અને શાંત તેમજ જુની ઢબની ઘણા બંધુઓ તરફથી કહેવામાં આવે છે અને તે વાત અક્ષરશઃ સત્ય પણ છે. પરંતુ હવે કેટલાએક ઉત્સાહી લેખકો મારી દ્વારા અવનવું વાંચન પૂરૂં પાડવા અભિલાષા ધરાવે છે; હું તેનો સ્વીકાર કરવાને પણ તૈયાર છું, પરંતુ તેની અંદર એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે કોઈ પણ વ્યક્તિવિરૂદ્ધ કે શાસ્ત્રવિરૂદ્ધ લખાણ ન આવવું જોઈએ. મારા પોષકોએ અદ્યાપિપર્યંત તેજ બાબતમાં વિશેષ લક્ષ રાખ્યું છે અને તેથી જ મારામાં એવો દોષ કોઈ પણ વખત ઉદ્ભવ્યો નથી. મારી મારા ઉપકારી લેખકો પ્રત્યે એજ પ્રાર્થના છે કે તેમણે બીજું સ્વાતંત્ર્ય ભલે સ્વીકારવું, પરંતુ શાસ્ત્રને અંગે તો પારતંત્ર્યનો જ સ્વીકાર કરવો. એ સંબંધમાં સ્વાતંત્ર્ય હિતકારક નથી.

પ્રારંભમાં મારા ઉત્સાહી વાંચકોનો વધારે વખત ન રોકતાં અદ્યાપિપર્યંત જેવી સુદૃષ્ટિ તેમણે રાખી છે તેવીજ કાયમ રાખવા પ્રાર્થના કરી મારા પોષકોના અંતરમાં જિનવાણીનું ખરૂં રહસ્ય પરિણમે અને તે મારી દ્વારા અન્યને ઉપકાર કરવા બહાર આવે તેને માટે પરમાત્માની પ્રાર્થના કરી, સર્વ પ્રજામાં શાંતિ વિસ્તાર પામે અને અવિશ્રાંત વિગ્રહ ઉપશમી જાય તેને માટે પરમાત્માની સ્તુતિ કરી અંતઃકરણ પૂર્વક મારા ઉત્પાદકો, પોષકો, સહાયકો વિગેરેને આશીર્વાદ આપી હું નવા વર્ષમાં પ્રવેશ કરૂં છું અને મારા વાંચનારાઓને વધારે સંતોષ આપનાર થઈ પડું એમ ઇચ્છું છું.

**" બોલો શ્રીત્રિશલાનંદન ચરમતીર્થનાથની જય ! "**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બુદ્ધિ સ્વરૂપ.

( અનુસંધાન પુ. ૩૨ ના પૃષ્ટ ૩૯૩ થી )

## ઔત્પત્તિકી બુદ્ધિ સંબંધી અન્ય દૃષ્ટાંત સૂચક બીજી ગાથા.

महुसित्थं[1] मुद्दि[2] अंके[3], नाणए[4] भिक्खु[5] चेडगनिहाणे[6] ।
सिक्खा[7] अथ्थसथ्थे[8], इच्छायमहं[9] सयसहस्से[10] ॥ २ ॥

આ ગાથામાં પ્રથમ **महुसित्थ** એટલે મધપુડાનું દૃષ્ટાંત કહેલું છે તે અહીં લખ્યું નથી.

૨ હવે **मुद्दि** એટલે મુદ્રિકા તેનું દૃષ્ટાંત આ પ્રમાણેઃ--

કોઈ એક નગરમાં એક પુરોહિત હતો. તેની એવી પ્રસિદ્ધિ હતી કે-આ પુરોહિત એટલો બધો પ્રમાણિક છે કે બીજાની થાપણો લઇને પછી ઘણો કાળ વીતી ગયા છતાં પણ તેની તેજ સ્થિતિમાં તેની થાપણ તેને પાછી સોંપે છે. આવી તેની પ્રસિદ્ધિ જાણીને કોઈ રંક પુરૂષ તેને પોતાની થાપણ સોંપીને પરદેશમાં ગયો. પછી ઘણે કાળે તે પાછો તે જ નગરમાં આવ્યો. ત્યારે તેણે પુરોહિત પાસે પોતાની થાપણ માગી. તે વખતે પુરોહિતે મૂળથીજ તે થાપણ ઓળવવાના હેતુથી કહ્યું કે—" અરે ! તું કોણ છે ? તારી થાપણ કેવી ? તારી પાસે દ્રવ્યજ ક્યાંથી હોય ? " આ પ્રમાણે કહીને તેણે તે રંકને તેની થાપણ આપી નહીં; તેથી તે શૂન્ય ચિત્તવાળો ( નિરાશ ) થઈ ગયો. એક દિવસે તે રંકે માર્ગમાં પ્રધાનને જતો જોયો. તે વખતે તેણે પ્રધાન પાસે યાચના કરી કે-" પુરોહિત પાસે મારી એક હજાર સોનામહોરની થાપણ છે, તે મને અપાવો. " તે સાંભળીને અમાત્યનું ચિત્ત તેનાપર દયાર્દ્ર થયું. તેથી તેણે રાજા પાસે જઇ તે વાત નિવેદન કરી. અને તે રંકને રાજાનું દર્શન કરાવ્યું. રાજાએ તેની વાત સાંભળીને પુરોહિતને કહ્યું કે-"આ રંકને તેની થાપણ આપી દો." ત્યારે પુરોહિતે કહ્યું કે-" હે સ્વામિન્ ! તેનું મેં કાંઇ પણ લીધું નથી. " તે સાંભળીને રાજા મૌન રહ્યો. પછી પુરોહિત પોતાને ઘેર ગયો ત્યારે રાજાએ તે રંકને બોલાવીને પૂછ્યું કે-" તું સત્ય વાત કહે. " ત્યારે તેણે માસ, દિવસ, સમય, સ્થાન તથા પાસે રહેલા મનુષ્ય વિગેરે સર્વ હકીકત નિશાની સહિત કહી બતાવી. ત્યાર પછી એક દિવસ રાજા પુરોહિત સાથે ક્રીડા કરવા બેઠો હતો, તે વખતે પરસ્પરની નામાંકિત મુદ્રાનો અદલો બદલો કર્યો. અને રાજાએ પુરોહિતને ખબર ન પડે તેવી રીતે પોતાના એક સેવકના હાથમાં પુરોહિતની નામાંકિત મુદ્રા આપીને કહ્યું કે-" તારે પુરોહિતને ઘેર જઇને તેની સ્ત્રીને કહેવું કે મને પુરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતે મોકલ્યો છે, અને તેની નામમુદ્રાની નિશાની આપીને તમને કહેવરાવ્યું છે કે અમુક દિવસે અમુક વખતે એક રંકની હજાર સોનૈયાની નોળી ( વાંસળી ) તમારી સમક્ષ અમુક ઠેકાણે મૂકેલી છે, તે જલદીથી આ માણસ સાથે મોકલી દો. ” પછી તે મુદ્રિકા લઇ જઇને પેલા રાજપુરૂષે રાજાની આજ્ઞા પ્રમાણે કર્યું. પુરોહિતની સ્ત્રીએ પણ પોતાના પતિની નામમુદ્રા જોવાથી તથા તેની કહેલી સર્વ નિશાનીઓ મળતી આવવાથી ખરેખર આ પુરૂષને પુરોહિતેજ મોકલ્યો છે એમ માન્યું. તેથી તેણીએ તે રંકની થાપણ તે પુરૂષને આપી. તેણે લાવીને રાજાને આપી. રાજાએ બીજી ઘણી નોળીઓની સાથે તે રંકની નોળી રાખીને તે રંકને બોલાવ્યો અને પાસે પુરોહિતને પણ બેસાડ્યો. તે રંક બધી નોળીમાં પોતાની નોળી પણ જોઇને મનમાં આનંદ પામ્યો, તેનાં નેત્ર વિકસ્વર થયાં, અને તેના ચિત્તની શૂન્યતા જતી રહી. પછી રાજાએ તેની નોળી ઓળખવાનું કહેતાં તેણે રાજાને વિજ્ઞપ્તિ કરી કે- “ હે દેવ ! આપની પાસે પેલી અમુક આકારવાળી નોળી છે તે જ મારી નોળી છે.” તે સાંભળીને રાજાએ તે નોળી તેને આપી, અને પુરોહિતને શિક્ષા કરવા માટે તેની જિંહાનો છેદ કરાવ્યો. અહીં રાજાની ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

૩ હવે અંક એટલે ચિન્હ. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે:—

કોઇ માણસે એક ગૃહસ્થની પાસે પોતાની હજાર રૂપીયાની વાંસળી થાપણ તરીકે મૂકી. પછી તે થાપણ રાખનારે તે વાંસળીને નીચેના ભાગમાંથી છેદીને તે-માંથી તે રૂપિયા કાઢી લઇ બીજા ખોટા રૂપિયા તેમાં ભરી દઇ તેજ પ્રમાણે સીવી લીધી. પછી કેટલેક કાળે તેની પાસે થાપણ મૂકનારે પોતાની થાપણ પાછી માગી એટલે તેણે આપી. તે વાંસળીને પેલો બરાબર જોવા લાગ્યો તો પ્રથમ પ્રમાણે પોતાનાં કરેલાં સર્વ ચિન્હો જોયાં. પછી તે વાંસળીને ખોલીને તેમાંના રૂપીઆ જુએ છે તો સર્વે રૂપિયા ખોટા જોવામાં આવ્યા. તેથી તે બન્નેની વચ્ચે કલહ ઉત્પન્ન થયો. તેનો ન્યાય કરવા રાજદ્વારમાં ગયા. તે વખતે અધિકારીએ થાપણ મૂકનારને પૂછ્યું કે-“ તારી વાંસળીમાં કેટલા રૂપિયા હતા ? ” તે બોલ્યો-“ એક હજાર ” ત્યારે તે અધિકારીએ એક હજાર રૂપિયા ગણીને તેમાં નાંખ્યા, તો તે વાંસળી પરિ-પૂર્ણ ભરાઇ ગઇ. ફક્ત જેટલો ભાગ નીચેથી કાઢ્યો હતો તેટલો ભાગ જ ઓછો થ-વાથી ઉપરને ભાગે સીવી શકાય તેવું રહ્યું નહીં. તેથી અધિકારીએ જાણ્યું કે- “ ખરેખર આ થાપણ મૂકનારના રૂપિયા ચોરાયા છે. ” પછી થાપણ લેનારની પાસેથી સાચા હજાર રૂપિયા થાપણ મૂકનારને અપાવ્યા. અહીં અધિકારીની ઔ-ત્પત્તિકી બુદ્ધિ જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ હવે નાણ એટલે નાણું. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે.—

કોઇ માણસે કોઇ વેપારીની પાસે સોનાના [1]પણથી ભરેલી વાંસળી થાપણ તરીકે મૂકી. પછી તે દેશાંતર ગયો. તેને ઘણો કાળ થવાથી થાપણ રાખનારે તે વાંસળીમાંથી ઉંચી જાતના સુવર્ણના પણોને કાઢી લઇને તેને બદલે તેટલા જ બીજા હલકા સુવર્ણના પણો બનાવી તેમાં નાંખ્યા, અને પ્રથમ પ્રમાણેજ તે વાંસળીને સીવી લીધી. પછી કેટલેક દિવસે તે વાંસળીનો સ્વામી દેશાંતરથી આવ્યો. ત્યારે તેણે પોતાની વાંસળી તેની પાસે માગી એટલે તેણે પણ તેને તે આપી. તેણે પોતાની વાંસળી જોઇ તો પ્રથમ પ્રમાણેજ તેના પર મુદ્રા વિગેરે ચિન્હો જોયાં. પછી મુદ્રાને તોડીને જેટલામાં પણોને જુએ છે તેટલામાં હલકા સુવર્ણના જોવામાં આવ્યા. તેથી તેને પરસ્પર કલહ થતાં તેનો ન્યાય કરવા તેઓ રાજદ્વારમાં ગયા. ત્યાં ન્યાયાધિપતિએ થાપણ મૂકનારને પૂછયું કે–" તેં થાપણ મૂકી તેને કેટલા વર્ષો થયા ? " તેણે કહ્યું કે–" અમુક વર્ષ અગાઉ મેં થાપણ મૂકી હતી. " તે સાંભળીને ન્યાયાધિપતિએ કહ્યું કે–' તેને તો ઘણો કાળ વીતી ગયો, અને આ પણો તો હમણાના તાજા બનાવેલા જણાય છે, તેથી આ થાપણ રાખનાર અસત્ય બોલે છે. " એમ કહીને તેણે થાપણ રાખનારનો દંડ કર્યો, અને તેની પાસેથી થાપણ મૂકનારને તેટલા ઉચ્ચ સુવર્ણના પણો અપાવ્યા. અહીં ન્યાયાધિપતિની ઔત્પાતિકી બુદ્ધિ જાણવી.

૫ હવે ભિરક્કુ એટલે ભિક્ષુક. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે:—

કોઇ માણસે કોઇ ભિક્ષુની પાસે હજાર સોનૈયા થાપણ તરીકે મૂકયા. પછી કેટલેક કાળે તેણે તેની પાસેથી પાછા માગ્યા. ત્યારે તે ભિક્ષુએ તેને આપ્યા નહીં. પણ ' આજ આપીશ–કાલ આપીશ ' એમ કહીને તેને છેતરવા લાગ્યો. ત્યારે તેણે ધૂતકારો ( જુગારીઓ ) નો આશ્રય લીધો. તેઓ બોલ્યા કે–" અવશ્ય તને તારી થાપણ અમે અપાવશું. " એમ કહીને તે ધૂતકારો રાતા રંગના વસ્ત્ર પહેરીને સોનાની લાકડીઓ લઇ તે ભિક્ષુ પાસે ગયા, અને તેને કહ્યું કે–" અમે યાત્રાને માટે દેશાંતર જવાના છીએ, તમે આ ગામમાં અત્યંત પ્રમાણિક છો, તેથી આ અમારી સોનાની લાકડીઓ અમે તમારી પાસે મૂકવા આવ્યા છીએ તે રાખો. " આ પ્રમાણે તેઓ બોલે છે, તેટલામાં પ્રથમથી સંકેત કરી રાખેલો પેલો પુરૂષ આવ્યો અને તેણે ભિક્ષુ પાસે માગણી કરી કે-" હે ભિક્ષુ ! મારી થાપણ મને પાછી આપો." તે સાંભળીને ભિક્ષુએ નવી થાપણ તરીકે મૂકાતી સુવર્ણની લાકડીઓના લોભથી વિચાર્યું

૧ એક જાતનું નાણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે "આની થાપણ હું અત્યારે નહીં આપું તો આ લોકો પોતાની લાકડીઓ અવિશ્વાસને લીધે મારે ત્યાં નહીં મૂકે." એમ ધારીને તેણે તે પુરૂષને તેની થાપણ આપી દીધી. પછી તે ધૂતકારો પણ કાંઇક બીજ કાઢીને પોતાની સુવર્ણની લાકડીઓ લઇને પાછા જતા રહ્યા. અહીં ધૂતકારોની ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

૬ હવે "चेडग निहाण" એટલે બાળક તથા નિધાન એનું દષ્ટાંત આ પ્રમાણે.—

કોઈ બે પુરૂષો પરસ્પર દઢ પ્રેમવાળા હતા. એકદા કોઇક સ્થાને તેઓએ એક નિધાન જોયું. તે જોઇને તેમાંથી એક માયાવી હતો તેણે કહ્યું કે—" આવતી કાલે સારૂં નક્ષત્ર છે માટે કાલે જ આપણે નિધાન ગ્રહણ કરશું." તે સાંભળીને બીજો કે જે સરલ પ્રકૃતિવાળો હતો તેણે તેનું વચન અંગીકાર કર્યું. પછી તે માયાવીએ રાત્રીને સમયે તે સ્થાને જઇ નિધાનને લઇ તેને બદલે કોયલા નાંખ્યા. બીજે દિવસે બન્ને સાથે તે સ્થાને ગયા. તે વખતે ત્યાં અંગારા (કોયલા) જોયા. તે જોઇને માયાવી માથું કુટવા લાગ્યો તથા રોવા લાગ્યો. અને બોલ્યો કે—" આપણે હીનભાગી છીએ. દૈવે આપણને નેત્ર આપીને ફોડી નાંખ્યા કે જેથી તેણે પ્રથમ નિધાન દેખાડી ને પછી આજે અંગારા કરી મૂકયા." આ પ્રમાણે વારંવાર બોલતો બોલતો બીજાના મુખ સામું જોવા લાગ્યો. તેની ચેષ્ટા જોઇને બીજાએ જાણ્યું કે—" ખરેખર આણેજ નિધાન લઇ લીધું છે." એમ વિચારીને તે પણ પોતાનો આકાર ગોપવીને તેને ધીરજ આપતો સતો કહેવા લાગ્યો કે—" હે મિત્ર ! ખેદ મ કર, કેમકે ખેદ કરવાથી કાંઇ ગયેલું નિધાન ફરીથી મળી શકવાનું નથી." પછી બન્ને જણા પોતપોતાને ઘેર ગયા. હવે સરલ પ્રકૃતિવાળા બીજાએ તે માયાવીની જાણે જીવતી જ હોય એવી લેપની પ્રતિમા કરાવી અને બે માંકડા પાળ્યા. પછી તે પ્રતિમાના ખોળામાં, હાથમાં, માથા પર, સ્કંધ ઉપર તથા બીજાપણ યોગ્ય સ્થાનો ઉપર તે માંકડાને ખાવાના પદાર્થો મૂકયા એટલે તેઓ આવીને તે પ્રતિમાના ખોળા વિગેરે સ્થાનોમાં રહેલા ભોજ્યને ખાવા લાગ્યા. એ પ્રમાણે હંમેશાં કરવાથી તે માંકડાઓને તેવી ટેવ પડી ગઇ. ત્યાર પછી એકદા તેણે કોઇ પર્વના મિષથી તે માયાવીના બન્ને પુત્રોને જમવાનું કહ્યું, તેથી ભોજનને સમયે તે છોકરાઓ તેને ઘેર જમવા આવ્યા. તેમને તેણે મોટી ગૌરવતાથી જમાડ્યા, ભોજન કરી રહ્યા પછી તે બન્ને છોકરાઓને તેણે અત્યંત સુખ ઉપજે એવા સ્થાનમાં સંતાડ્યા. સાયંકાળે પેલો માયાવી પોતાના છોકરાઓની ખબર કાઢવા તેને ઘેર આવ્યો. ત્યારે તેને બીજાએ કહ્યું કે—" હે મિત્ર! તે તારા બન્ને પુત્રો તો માંકડા થઇ ગયા છે." તે સાંભળીને તે માયાવી ખેદ સહિત મનમાં વિસ્મય પામીને તેના ઘરમાં પેઠો. તે વખતે બીજાએ ગુપ્ત રીતે પેલાની લેપ્યમય પ્રતિમાને લઇ લીધી અને તેને ઠેકાણે આ માયાવીને બેસાડ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી માંકડાઓને તેના સ્થાનથી છોડ્યા એટલે તે માંકડાઓ દોડીને કીલ કીલ શબ્દ કરતા તેના ખોળામાં, મસ્તક પર, સ્કંધ પર અને હાથ વિગેરે અવયવો ઉપર વળગી પડ્યા. સરલ માણસે માયાવી મિત્રને કહ્યું કે—" હે મિત્ર ! આ તારા પુત્રો જ છે, જો! તેઓ તારી ઉપર કેવો સ્નેહ બતાવે છે." તે સાંભળીને માયાવી બોલ્યો કે—" હે મિત્ર ! શું મનુષ્ય અકસ્માત્ માંકડા થઇ શકે ? " તે સાંભળીને સરલ બોલ્યો કે—" હે મિત્ર ! કર્મની પ્રતિકૂળતાને લીધે થઇ પણ શકે. જોને સુવર્ણ કાંઇ એકદમ અંગારા રૂપ થઈ જાય ? પરંતુ આપણા કર્મની પ્રતિકૂળતાને લીધે તેવું પણ થયું. તેજ પ્રમાણે આ તારા પુત્રો પણ માંકડા થઇ ગયા. " તે સાંભળીને માયાવીએ વિચાર્યું કે—" ખરેખર આણે મારૂં કપટ જાણ્યું છે. હવે જો હું કાંઇ વધારે બોલીશ તો હું રાજાનો ગુન્હેગાર થઇશ, અને વળી મારા પુત્રો મને મળશે નહીં. " એમ વિચારીને તેણે સર્વ વૃત્તાંત સત્ય રીતે કહ્યો, અને નિધાનનો અર્ધો ભાગ આપ્યો. ત્યારે સરલે પણ તેના પુત્રો તેને પાછા આપ્યા. અહીં આ બીજાની ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

૭ હવે सिक्ख એટલે શિક્ષા-ધનુર્વેદ. તેનું ઉદાહરણ આ પ્રમાણે—

કોઇ પુરૂષ ધનુર્વેદમાં અત્યંત નિપુણ હતો, તે ફરતો ફરતો કોઇ એક નગરમાં જઇને ધનાઢ્યના પુત્રોને ભણાવવા લાગ્યો. તે કુમારો પાસેથી ખાનગી રીતે તે ઘણું દ્રવ્ય પામ્યો. તેથી તે કુમારોના પિતા વિગેરેએ વિચાર્યું કે-" આપણા કુમારોએ ઘણું ધન આપી દીધું છે, તેથી જ્યારે તે અહીંથી પોતાને ગામ જાય ત્યારે આપણે તેને મારી નાંખીને સર્વ દ્રવ્ય લઇ લેવું. " આવો તેમનો વિચાર પેલા અધ્યાપકના જાણવામાં કોઇ પ્રકારે આવ્યો. તેથીતેણે બીજા ગામમાં રહેનારા પોતાના બંધુઓને તે વૃત્તાંત જણાવ્યો અને કહ્યું કે-" હું અમુક દિવસે રાત્રીને સમયે નદીમાં છાણના પિંડોને નાંખીશ, તમારે તે પિંડો લઇ લેવા. " તે સાંભળીને તેઓએ તે અંગીકાર કર્યું. પછી તેણે છાણમાં દ્રવ્ય નાંખીને તેના પિંડો તડકે મુકવ્યા. અન્યદા તેણે ધનાઢ્યના પુત્રોને કહ્યું કે-" અમારો એવો એક વિધિ છે કે અમુક પર્વતિથિએ સ્નાન કરી મંત્રપાઠપૂર્વક છાણના પિંડો નદીમાં નાંખવા. " તે સાંભળીને કુમારોએ તે વાત કબુલ કરી. પછી નિશ્ચય કરેલી રાત્રીએ કુમારોની સાથે નદીપર જઈ સ્નાન કરીને મંત્રપાઠપૂર્વક સર્વે છાણના પિંડો તેણે નદીમાં નાંખ્યા. પછી તે ઘેર આવ્યો, અને પેલા પિંડો ( છાણાઓ ) તેના બંધુઓ નદીમાંથી પોતાના ગામમાં લઇ ગયા. ત્યારપછી કેટલેક દિવસે તે પુત્રોને તથા તેમના પિતા વિગેરેને બોલાવીને પોતાની પાસે માત્ર પહેરેલાં વસ્ત્રો સિવાય બીજું કાંઇપણ નથી એમ દેખાડીને સર્વ લોકના દેખતાં તે પોતાને ગામ ગયો. તે કુમારોના પિતા વિગેરેએ વિચાર કર્યો કે-"આની

For Private And Personal Use Only

મારે તો કાંઇપણ નથી." એટલે તેણે તેને માર્યો નહીં. અહીં આ અધ્યાપકની ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

૮ હવે अत्थसत्थ-અર્થશાસ્ત્ર એટલે અર્થના વિષયવાળું નીતિશાસ્ત્ર તેનું દૃષ્ટાંત આ પ્રમાણે—

કોઇએક વણિકને બે સ્ત્રીઓ હતી. તેમાં એકને પુત્ર હતો અને બીજી વંધ્યા હતી. વંધ્યા બીજીના પુત્રને એવી સારી રીતે પાળતી હતી કે તે પુત્ર " આ મારી માતા છે અને આ મારી માતા નથી " એવો કાંઇપણ ભેદ જાણતો નહીં. એકદા તે વણિક્ પોતાની બન્ને સ્ત્રી તથા પુત્ર સહિત દેશાંતર ગયો અને જ્યાં સુમતિનાથ નામના પાંચમા તીર્થંકરની જન્મભૂમિ હતી તે ગામમાં જઇને રહ્યો. ત્યાં ગયા પછી તરતમાં જ તે વણિક્ મરણ પામ્યો. તેથી તેની બન્ને સ્ત્રીઓને પરસ્પર કલહ થયો, તેમાંની એક કહેવા લાગી કે-" આ પુત્ર મારો છે, માટે હું ઘરની માલીક છું. " બીજી પણ તેજ પ્રમાણે કહેવા લાગી. તે બન્નેની રાજદ્વારમાં ફરીયાદ ગઇ. તેમાં રાજાના અધિકારીઓ તથા રાજા કાંઇપણ નિર્ણય કરી શક્યા નહીં, આ વૃત્તાંત સુમતિનાથ-સ્વામી ગર્ભમાં હતા ત્યારે તેની માતા મંગળાદેવીએ જાણ્યો-સાંભળ્યો. તેથી તેણીએ તે બન્ને શોકોને બોલાવીને કહ્યું કે-" કેટલાક દિવસ પછી મારે પુત્ર થશે, અને તે મોટો થશે ત્યારે આ અશોકવૃક્ષની નીચે બેસીને તમારો ઇનસાફ કરશે; માટે તેટલો વખત તમો બન્ને સરખી રીતે ખાઓ, પીઓ ને આનંદથી રહો." તે સાંભળીને જેણીનો પુત્ર ન હતો તેણીએ વિચાર્યું કે-"આટલો કાળ તો આનંદ કરવાનો મળ્યો, પછી શું થશે તેની કોને ખબર છે ? " એમ વિચારીને તેણીએ હસતે મુખે અંગીકાર કર્યું. તે જોઇને દેવીએ જાણ્યું કે-" આ પુત્રની ખરી માતા નથી. " એમ જાણીને તેણીનો તિરસ્કાર કર્યો, અને બીજીને ઘરની સ્વામિની કરી. અહીં મંગળાદેવીની ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

૯ હવે इच्छायमहं ' જે હું ઇચ્છું તે આપું. ' આ દૃષ્ટાંત આ રીતે છે—

કોઇ એક સ્ત્રી હતી. તેનો પતિ મરણ પામ્યો. તેણે લોકોને વ્યાજે આપેલું ધન તેણીને (સ્ત્રીને) કોઇ આપતું નહોતું એટલે તેણીએ પોતાના પતિના એક મિત્રને કહ્યું કે-" તમે મને લોકો પાસેથી મારૂં ધન અપાવો. ત્યારે તે બોલ્યો કે-" જો મને તું ભાગ આપે તો અપાવું. " ત્યારે તે બોલી કે-" તમે જે ઇચ્છો તે મને આપજો. " તે સાંભળીને તેણે લોકો પાસેથી સર્વ ધન પ્રયાસ કરીને ઉઘરાવી લીધું. પછી તેમાંથી તેણીને તેણે ઘણું થોડું ધન આપવા માંડ્યું, એટલે તેટલું થોડું દ્રવ્ય તેણીએ લીધું નહીં. તે બન્નેનો તકરાર રાજદ્વારમાં ગયો. ત્યાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયાધિપતિએ જેટલું ઉઘરાવેલું દ્રવ્ય હતું તે સર્વ મંગાવી તેના બે ભાગ કર્યા. તેમાં એક મોટો ભાગ અને બીજો નાનો કર્યો. પછી ન્યાયાધિપતિએ તે પુરૂષને પૂછ્યું કે–" આમાંથી તું કયો ભાગ ઇચ્છે છે ? " તે બોલ્યો કે–" હું મોટો ભાગ ઇચ્છું છું. " તે સાંભળીને ન્યાયાધિપતિએ તે બન્નેના કોલકરારનો અક્ષરાર્થ વિચાર્યો. તેમાં તે સ્ત્રીએ કહ્યું હતું કે " તમે જે ઇચ્છો તે મને આપજો. " એટલે પેલા પુરૂષને કહ્યું કે તું મોટો ભાગ ઇચ્છે છે, માટે મોટો ભાગ આ સ્ત્રીનો, અને નાનો ભાગ તારો. ' એમ કહીને તેના વિવાદનો નિર્ણય કર્યો. અહીં ન્યાયાધિપતિની ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

૧૦ હવે **सयसहस्स** સો હજાર એટલે એક લાખ–તેનું દૃષ્ટાંત આ પ્રમાણે—

કોઈ એક પરિવ્રાજક હતો. તેની પાસે ખોરૈય નામનું એક મોટું રૂપાનું પાત્ર હતું. તે પરિવ્રાજક જે કાંઇ પણ એક વાર સાંભળે તે સર્વ યથાર્થ રીતે ધારી લેતો હતો. તેથી પોતાની બુદ્ધિના ગર્વને વહન કરતાં તેણે સર્વજન સમક્ષ પ્રતિજ્ઞા કરી કે–" જે કોઇ માણસ મને કાંઇ પણ અપૂર્વ સંભળાવે તેને આ મારૂં રૂપાનું પાત્ર આપી દઉં. " પરંતુ તેને કોઇ પણ અપૂર્વ વાત સંભળાવવાને શક્તિમાન થયું નહીં. કેમકે તે જે કાંઈ સાંભળે તે સર્વ અસ્ખલિતપણે તેજ પ્રમાણે બોલતો હતો, અને કહેતો હતો કે–" આ તો મેં પહેલાં પણ સાંભળ્યું હતું, નહીં તો હું અસ્ખલિતપણે શી રીતે બોલી શકું ? " આ વાત સર્વત્ર પ્રસિદ્ધિને પામી. ત્યારપછી એકદા કોઇ સિદ્ધપુત્રે તેની પ્રતિજ્ઞા જાણીને તેને કહ્યું કે–" હું તને અપૂર્વ વાત સંભળાવીશ. " એટલે તે આશ્ચર્ય જોવા માટે ઘણા લોકો એકત્ર મળ્યા અને રાજાની સમક્ષ તે બન્નેનો વાણીવ્યવહાર થયો. સિદ્ધપુત્ર બોલ્યો કે—

" तुज्झ पिया मह पिउणो, धारेइ अणूणगं सयसहस्सं ।
जइ सुयपुव्वं दिज्जउ, अह न सुयं खोरयं देसु " ॥१॥

" તારા પિતા પાસે મારા પિતાના અન્યૂન (સંપૂર્ણ) સો હજાર એટલે એક લાખ રૂપીયા લેણા છે, આ વાત જો તેં પૂર્વે સાંભળી હોય તો તે રૂપીયા મને આપ, અને ન સાંભળી હોય તો આ તારૂં ખોરક નામનું પાત્ર દે. "

આ વચનથી પરિવ્રાજક પરાજય પામ્યો અને પાત્ર આપી દેવું પડયું. અહીં સિદ્ધપુત્રની ઔત્પત્તિકી બુદ્ધિ જાણવી.

**ઔત્પત્તિકી બુદ્ધિ ઉપરના દૃષ્ટાંત સંપૂર્ણ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હિતશિક્ષાના રાસનું રહસ્ય.

### પ્રસ્તાવના.

આ રાસ ઋષભદાસ નામના શ્રાવકનો બનાવેલો છે. તે શ્રી વિજયસેન-સૂરિ મહારાજના પરમભક્ત હતા, બાર વ્રતધારી હતા, દરરોજ બેઆસણું કરતા, ચૌદ નિયમ ધારતા, બે ટંક પ્રતિક્રમણ કરતા, દરરોજ દશ જિનમંદિર જુહારતા, પર્વતિથિએ પૌષધ કરતા, ગુરૂભક્તિમાં તત્પર હતા. તેમણે ત્રંબાવતી અથવા ખંભાયતમાં રહીને સંવત ૧૬૮૨ માં આ રાસ રચ્યો છે. તેની અંદર શ્રાદ્ધ-વિધિ, વિવેકવિલાસાદિ શ્રાવકના આચારને બતાવનારા ગ્રંથોમાંથી રહસ્ય લ-ઇને દાખલ કરેલ છે. રાસની ભાષા જુની ગુજરાતી છે. આ અંકમાં આવી ગયેલા શ્રીપાળ ને ચંદરાજાના રાસની જેવો કથાનુયોગરૂપ આ રાસ નથી. આ રાસમાં ખરી રીતે તો શ્રાવક યોગ્ય ચરણકરણાનુયોગ જ સમાવેલ છે. રાસ ખાસ વાંચવા લાયક છે, પરંતુ જુની ગુજરાતી ભાષા સમજનારા અને તેવી તસ્દી લેનારા જૈન બંધુઓ થોડા હોવાથી આ રાસમાં બતાવેલું શ્રાવકની કરણીરૂપ રહસ્ય સર્વે જૈન બંધુઓના ધ્યાનમાં આવે એટલા માટે આ રાસનું રહસ્ય આપવા ધાર્યું છે. પૂર્વે આપેલા રાસના લેખની જેમ આમાં પ્રથમ કથાનક અને પછી તેનું રહસ્ય એમ આવવાનું નથી; આમાં તો રાસની અંદરથી રહસ્યજ આપવાનું છે.

### રાસ પ્રારંભ.

રાસના કર્ત્તા પ્રારંભમાં સરસ્વતિને નમસ્કાર કરે છે અને તેની સ્તુતિ કરે છે. સરસ્વતિના પ્રસાદથીજ મનુષ્ય બુદ્ધિશાળી થાય છે. બુદ્ધિ એ મતિજ્ઞાનનોજ વિભાગ અથવા પર્યાય છે. 'જ્ઞાન વિનાના મનુષ્યો કરતાં દરિદ્રી મનુષ્યો પણ સારાં' એ હકીકત સ્પષ્ટ કરતા સતા કર્ત્તા કહે છે કે—

તે દારિદ્રી જગમાં ભલા, જ્ઞાન સહિત દીસે ગુણનિલા;
અર્થ સહિત ને જ્ઞાન રહિત, તે નર નાવે મારે ચિત્ત.

" તે દરિદ્રીઓ પણ આ જગતમાં શ્રેષ્ઠ છે કે જેઓ જ્ઞાન સહિત હોવાથી ગુણવાન્ દેખાય છે, પરંતુ અર્થ એટલે દ્રવ્ય સહિત હોય પણ જ્ઞાનરહિત હોય તો તે શ્રેષ્ઠ નથી. તેવા માણસો કર્ત્તા કહે છે કે મને ગમતા નથી—સારાં લાગતાં નથી. '

આગળ ચાલતાં કર્ત્તાએ જ્ઞાનીનું ઘણું બહુમાન કર્યું છે—

જ્ઞાની નર સઘળે પૂજાય, નરપતિ નિજ નગરેજ મનાય;
જ્ઞાની ભલો નર જોહુ કુરૂપ, કોણ જુએ કોયલનું રૂપ.

For Private And Personal Use Only

કોયલ રૂપ સ્વર મધુરો જેહ, તપસ્વી રૂપ ક્ષમાજ કહેહ;
પતિવ્રતા નારીનું રૂપ, કુરૂપને વિદ્યાજ સુરૂપ.
અધિકું રૂપ તે વિદ્યા કહી, ગુપ્ત ધન તે વિદ્યા સહી;
યશ સુખની દેનારી એહ, વાટે બાંધવ સરખી જેહ.
વિદ્યા રાજભુવને પૂજાય, વિદ્યાહીન અજ પશુઆ ગાય;
લક્ષ્મી પણ જુગ તો શોભતી, જો ઉપર બેઠી સરસ્વતી.
નાણા ઉપર અક્ષર નહીં, તે નાણું નવિ ચાલે કહીં;
જિહાં અક્ષર તિહાં મહત્ત્વ તે બહુ, ઉત્તમ અંગને પૂજે સહુ.

આ પ્રમાણે અનેક પ્રકારે જ્ઞાનનું બહુમાન બતાવ્યા પછી કહે છે કે "ગણધર, આચાર્ય, ઉપાધ્યાય એ સર્વ પદવી પણ જ્ઞાનવડેજ પ્રાપ્ત થાય છે. વળી સ્વર્ગ ને નરક, પૃથ્વી ને સમુદ્ર, નદી ને પર્વતો, નગરી ને અટવીઓ, પુણ્ય અને પાપ, જીવ અને અજીવ, ભવ્ય ને અભવ્ય, સાધુધર્મ ને શ્રાવકધર્મ ઇત્યાદિ સર્વ હકીકત જ્ઞાનીજ જાણે શકે છે અને જ્ઞાનીજ બતાવી શકે છે. સરસ્વતીના–જ્ઞાનના કે વિદ્યાના ગુણો વર્ણવતાં પાર આવે તેમ નથી. સર્વત્ર તેનુંજ બહુમાન છે અને તેનીજ આવશ્યક્તા છે. કવિઓને તો સરસ્વતીજ માતાતુલ્ય છે. રાસ, ચરિત્ર, કાવ્ય, નાટક કે કાંઇ પણ રચના કરતાં પ્રારંભમાં તેની જ આવશ્યક્તા છે, તેના પ્રસાદની જ જરૂર છે અને તેને જ નમસ્કાર કરવામાં આવે છે. તેને બ્રહ્માણી, શારદા, ત્રિપુરા, ભારતી, વિદુષા, સરસ્વતી વિગેરે અનેક નામોવડે સંભારવામાં આવે છે."

આ પ્રમાણે પહેલી ઢાળમાં સરસ્વતીનું અથવા જ્ઞાનનું બહુમાન કરીને પછી બીજી ઢાળમાં **અભિધેય**[1] કહે છે. આ રાસની અંદર કર્ત્તાએ શું શું કહેવા ધાર્યું છે તે કર્ત્તા ટુંકામાં બતાવી આપે છે. "નીતિશાસ્ત્રના બોલ, સિદ્ધાંતના ભાવ, ચારિત્રના ભેદ, લૌકિક શાસ્ત્રની વાતો, વૈદ્યક શાસ્ત્રનું રહસ્ય, જ્યોતિષના પ્રકાર, કવિઓની ઘટના, શ્રાવકની વિધિ, સાધુના માર્ગ, સ્વપ્નનો વિચાર, જાગરાતી વિધિ, નવપદ જાપનું વિધાન, નવકારવાળીના પ્રકાર, પ્રતિક્રમણ કેમ કરવું, પચ્ચખ્ખાણ શી રીતે કરવું, શંકાશલ્ય કેમ ટાળવું, વસ્ત્ર કેવી રીતે પહેરવાં, દહેરાસર શી રીતે જવું, ચૈત્યવંદન કેમ કરવું, પૂજાનો વિધિ, ભોજનનો વિધિ, દાન દેવાનો વિધિ, વાણિજ્યનો વિધિ,[2] સભામાં કેમ બેસવું; પાણી શી રીતે પીવું, ક્ષૌરકર્મ[3] કેમ કરાવવું, સ્નાન કેવી રીતે કરવું, શરમ (લજ્જા) કેવી રીતે જાળવવી, કયે વખતે ન બોલવું, પુરૂષે કઇ રીતે બોલવું, ભોગ કેમ ભોગવવા, સેવકે કેમ વર્તવું, સ્વામીએ કેમ વર્તવું, માર્ગે કેમ ચાલવું, શુભ કરણીના પ્રકાર, ગર્ભના ભેદ, ઉપા-

૧ કહેવાનું જે જે હોય તે. ૨ વેપાર કેવી રીતે કરવો તે. ૩ હજામત.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહુના[1] ભેદ, દંડ ( લાકડી ) ના ભેદ, ઉપરાંત અન્ય પણ પ્રસંગોપાત અનેક બાબતો કહેવામાં આવશે. "

આ પ્રમાણે બીજી ઢાળમાં અભિધેય બતાવ્યા પછી ત્રીજી ઢાળમાં શ્રાવકે વ્યવહારશુદ્ધિને માટે પ્રથમ ૩૫ ગુણ ધારણ કરવા જોઇએ તે બતાવ્યા છે. આ ગુણો માર્ગાનુસારીના કહેવામાં આવે છે. આ ગુણો પ્રાપ્ત થયા પછી જ આગળ વધી શકાય છે અને શ્રાવકપણું પ્રાપ્ત થાય છે. આ ગુણો વિના ખરું શ્રાવકપણું પ્રાપ્ત થતું નથી. આ ગુણો ખાસ આવશ્યકતાવાળા હોવાથી તેને કર્તાએ અગ્રસ્થાન આપ્યું છે, અને ત્યારપછીજ આગળ પ્રયાણ કર્યું છે. તે ગુણો આ પ્રમાણેના છેઃ—

૧ શ્રાવકનો વ્યવહાર શુદ્ધ હોય અર્થાત્ ન્યાયયુક્ત વ્યાપાર કરીને દ્રવ્ય ઉપાર્જન કરનાર હોય, ૨ શિષ્ટ જનોના–ઉત્તમ મનુષ્યોના ઉત્તમ આચારની પ્રશંસા કરનાર હોય, ૩ એક આચારવાળા, એક ધર્મવાળા અને અન્ય ગોત્રવાળાની સાથે પુત્ર પુત્રીનું વિવાહ કાર્ય કરે, ૪ પાપથી બીનાર હોય, ૫ દેશાચાર આચરે, ૬ છતો યા અછતો કોઇનો અવર્ણવાદ ન બોલે–નિંદા ન કરે; તેમાં પણ રાજાદિકનો તો કદી પણ અવર્ણવાદ ન બોલે, ૭ સારે ઠેકાણે, સારા પાડોશમાં, બહુ બારણા વિનાના ઘરમાં રહે, ૮ ઉત્તમ મનુષ્યોનો સંગ કરે, ૯ માતપિતા અને ગુરૂ વિગેરે માનનીય પુરૂષને માન આપે–માને, ૧૦ ઉપદ્રવવાળું સ્થાન વર્જે–અન્યત્ર જઇને રહે, ૧૧ નિંદનિક ( લોકવિરૂદ્ધ ) કાર્ય ન કરે, ૧૨ આયપત ( આવક ) ને અનુસારે ખર્ચ કરે, ૧૩ વિત્ત પ્રમાણે વેશ રાખે–ઉદ્ભટ વેષ ન પહેરે, ૧૪ બુદ્ધિ મેળવવાના આઠ ગુણને આદરે, ૧૫ નિરંતર અવકાશ મેળવી ધર્મકથા સાંભળે, ૧૬ અજીર્ણ થયું હોય ત્યારે ભોજન ન કરે, ૧૭ શરીરને માફક આવે તેજ પદાર્થ–પ્રમાણમાં ખાય, તેમાં પણ લોલુપતાથી વિશેષ ન ખાય. ૧૮ ધર્મ, અર્થ ને કામ એ ત્રણે વર્ગ એક બીજાને બાધ ન આવે તેવી રીતે સાધે, ૧૯ અતિથિ, સાધુ અને દીન ક્ષીણ વિગેરેનું ઉચિત માન જાળવે, ૨૦ અનભિવેશી હોય–દુરાગ્રહી ન હોય, ૨૧ ગુણવંતનો નિરંતર આદર કરે–ગુણનો પક્ષપાતી હોય. ૨૨ અકાળે ગમન ન કરે, ૨૩ પોતાના બળાબળનો વિચાર કરીને કોઇ પણ કાર્ય આદરે, ૨૪ જ્ઞાનવૃદ્ધની પૂજાભક્તિ કરે, ૨૫ સ્ત્રીયાદિકનો પ્રતિબંધ ન કરે–ગુણવંત સાથે પ્રતિબંધ કરે, ૨૬ દીર્ઘ દૃષ્ટિ વાપરીને કોઈ પણ કાર્ય કરે–સર્વ કાર્યની પ્રથમથી આલોચના કરે, ૨૭ કૃત્યાકૃત્યને બરાબર સમજે, ૨૮ કોઇએ ગુણ કર્યો હોય તો તેને જાણે–ભૂલે નહીં, ૨૯ વિનયાદિ ગુણ ધારણ કરે -કુળમર્યાદા–લજ્જાળુપણું તજે નહીં, ૩૦ દીન ઉપર દયાળુ હોય, ૩૧ સૌમ્ય આકૃતિવાળો હોય, ૩૨ કોમળ વચન બોલે–કર્કશ ન બોલે, ૩૩

૧ પગરખાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરને ઉપકાર કરે, ૩૪ કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વિગેરે અંતરંગ વૈરીને જીતી-જીતવાનો પ્રયત્ન કરે, ૩૫ પાંચ ઇંદ્રીઓને પોતાના વશમાં રાખે-પોતે વશ ન થાય.

આ પ્રમાણેના ૩૫ ગુણ કર્ત્તાએ અહીં સંક્ષેપમાં કહ્યા છે, તેનો વિશેષ વિસ્તાર **શ્રાદ્ધગુણ વીવરણ, ધર્મબિંદુ** વિગેરે ગ્રંથોથી જાણી લેવો. આ ગુણ ઉપરાંત સમકિત ગુણ અને બાર વ્રતાદિક શ્રાવકે અંગીકાર કરવા યોગ્ય છે, તે સ્વશક્તિ અનુસાર અંગિકાર કરે. શ્રાવકના સર્વ ગુણ સંપન્ન આનંદાદિક શ્રાવકો થઇ ગયા છે. તેનો અધિકાર-તેનું ચરિત્ર **શ્રીઉપાસકદશાંગ સૂત્રથી** તેમજ **વર્ધમાન દેશના** વિગેરે ગ્રંથોથી જાણી લેવું. કર્ત્તા કહે છે કે—

**નર જે કડવાં તુંબડાં, ગુણે કરીને મીઠ;**
**તે માણસ કેમ વીસરે, જેહ તણા ગુણ દીઠ.**

" જે માણસો કડવાં તુંબડાં જેવાં હોય કે જે પોતે કડવાં હોય અને અન્યના પ્રાણ લે તેવા હોય; તેથી બીજી રીતે જે માણસો ગુણે કરીને મીઠાં હોય, જેના ગુણો દેખવામાં આવેલા હોય, તે બંને પ્રકારના માણસો કેમ ભૂલાય-ન જ ભૂલાય."

કેટલાક અજાણ્યા માણસો-ગુણને ઓળખ્યા-જાણ્યા સિવાય માત્ર ઉપરના દેખાવથી રાચે છે તેઓ પતંગ જેમ દીવાને જોઇને તેમાં પડવાથી પ્રાણ ખુએ છે તેમ ઘણીવાર ભૂલ ખાઇ જાય છે. કર્ત્તા કહે છે કે-એકવાર જો સજ્જનનો મેળાપ થઇ જાય તો પછી તેની સંગતિ બનતા સુધી છોડવી નહીં, કારણ કે સત્સંગતિ ઘણી દુર્લભ છે.

છેવટે કર્ત્તાનું કહેવું એ છે કે ઉપર જણાવેલા ૩૫ ગુણો પૈકી જેટલા બની શકે તેટલા ગુણો અવશ્ય આદરજો. જો તે ગુણો પ્રાપ્ત થશે તો પછી તમે શ્રાવકપણામાં આગળ વધી શકશો, શ્રાવકધર્મને યોગ્ય થશો, તે વિના ખરા શ્રાવકપણાની યોગ્યતા પણ તમારામાં આવશે નહીં.

હવે શુદ્ધ શ્રાવકનાં લક્ષણ અને તેની દિનકરણી આગળ કર્ત્તા ક્રમસર કહેશે. તેમાં મૂળ આધાર **શ્રી રત્નશેખર સૂરીશ્વરના** કરેલા **શ્રાદ્ધવિધિ** ગ્રંથનો જ લેવામાં આવ્યો છે. હાલ તો ઉપર જણાવી છે તેટલી હકીકતનું મનન કરવાની જૈન બંધુઓને ભલામણ કરી વીરમીએ છીએ.

For Private And Personal Use Only

# વૈકાલિક ચર્ચાપર વિચારો.

( લેખક—મોતીચંદ ગિરધરલાલ કાપડિયા–સોલીસીટર. )

નાની કોમોએ જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે ત્યારે પોતાની પરિસ્થિતિપર વિચાર કરી ભવિષ્યની રૂપરેખા દોરવી જોઇએ. ભૂતકાળના અનુભવથી વધારે નિપુણ અને સાવધાન થઇ વર્તમાન સંયોગો–દેશ કાળ લક્ષ્યમાં રાખી દીર્ઘ દૃષ્ટિ પૂર્વક ભવિષ્યના કાર્યોપર ખ્યાલ કરવામાં આવે, કલ્પના શક્તિ અને વિચારશક્તિનો બરાબર ઉપયોગ કરવામાં આવે અને બાંધેલ અભિપ્રાય અને નિર્ણયોને નિડરપણે કોમ સમક્ષ વિચાર માટે મૂકવામાં આવે તો એક પ્રકારનું એવું સુંદર વાતાવરણ ઉત્પન્ન કરી શકાય છે કે તેને પરિણામે જરૂર કાંઇ પણ પ્રગતિ થાય. કોઇ પણ પ્રગતિના સૂત્રમાં વિચાર કરવામાં આવશે તો જણાશે કે કાર્યક્રમમાં પ્રથમ વિચાર અને પછી કાર્ય થાય છે. કોમ અથવા દેશના ઇતિહાસમાં ઉત્ક્રાન્તિથી કાર્ય ચાલે છે. તેથી એક નિર્ણીત કરેલા વિચારને અમલમાં મૂકવા પહેલાં પ્રથમ વિચાર કરવો જોઇએ, વિચારની સાથે વિચારણા અને તેની સામેની તથા તરફેણની દલીલો લક્ષ્યમાં લેવી જોઇએ અને એવી રીતે સર્વ દેશકાળ પરિસ્થિતિની તપાસણી પછી જે નિર્ણય થાય તેને ચર્ચા માટે વિશાળ પ્રસિદ્ધિ આપવી જોઇએ. એવા નિર્ણિત વિચારને જ્યારે જાહેર ચર્ચાનું રૂપ આપવામાં આવે છે ત્યારે તેની સામે અથવા પક્ષમાં જે અન્ય અનુભવીના વિચારો હોય છે તે લક્ષ્યમાં આવે છે, ચર્ચા પ્રથમ ઉગ્ર આવેશનું રૂપ લે છે, પછી તેમાંથી તત્ત્વ રહસ્ય પર વિચાર થાય છે અને છેવટે એક નિર્ણય પર આવી શકાય છે. પ્રગતિના નિર્ણયાત્મક રહસ્યની આ પ્રનાલિકા જો કે ઘણી વિકટ અને લંબાણ લાગે છે, ઘણી વખત તેમાં બહુ ટાઇમ પસાર થાય છે, અને ચર્ચા ઉત્પન્ન કરનાર શરૂઆતમાં કેટલીકવાર ગેરવાજબી ટીકાને પાત્ર પણ થાય છે તો પણ એવી રીતે જે ચર્ચા થઇને નિર્ણય થાય છે તે એટલા સ્થિર અને ચોકસ થાય છે કે એના સંબંધમાં ભવિષ્યમાં પશ્ચાત્તાપ કરવાનું કારણ રહેતું નથી, ભરેલ પગલાંઓ પાછા ભરવાની દીલગીરી ભરેલી ફરજ પડતી નથી અને પ્રગતિને બદલે પશ્ચાત્ ગતિ થતી નથી. આથી કોઇ પણ બાબતમાં નિર્ણયાત્મક પ્રગતિ કરવા માટે સમુચ્ચય સવાલોને અંગે વિચાર કરવાનાં સાધનો અને બન્ને પક્ષની અનુકૂળ પ્રતિકૂળ દલીલો લોક સમક્ષ રજુ કરવાની ફરજ વિચારશીળ સમજુ માણસોની છે.

જૈન કોમ ઘણી નાની છે, આખા આર્યાવર્તની નજરે જોતાં અઢીસેં માણસે

એકની સરેરાશ તેની છે, આખી જણાયલી દુનિયાની નજરે જોતાં તેની વસ્તીની ૧૨૫૦ મનુષ્યે એકની શરા આવે છે, તેમાં સંપ્રદાય, ગચ્છ, સ્થાનિક તફાવતો અને ગચ્છના ઉપભેદો વિચારતાં અને તેની પરિસ્થિતિ વિચારતાં ઘણો અગત્યનો વિચાર થવોજ જોઇએ. નાની કોમોએ પોતાની હૈયાતિ જરૂરની છે એમ સ્વીકારાવવા માટે જેમ બાહ્ય પ્રયત્ન કરવો પડે છે તેમ તેના આંતરજીવનની સ્થિરતા માટે તેણે અંદરની સુધારણા અને નકામી ખટપટોના સવાલોને શીઘ્રપણે અને મક્કમ રીતે દાબી દેવાની જરૂર પડે છે. તેણે જે વખતે લોકરૂચિ ધર્મતરફ બેદરકારીથી ભરપૂર થતી દેખાતી હોય તે વખતે નકામો શક્તિનો વ્યય અટકાવી કઇ જગોએ વ્યાધિ લાગેલો છે તે શોધી કાઢવો જોઇએ. તેને માટે વિશાળ પાયા ઉપર ચર્ચા ઉપસ્થિત કરવાની જરૂર પડે છે. જો કરોડોની સંખ્યામાં ધર્મના અનુયાયી હોય, ધર્મના સિદ્ધાન્તને યોગ્ય પ્રસિદ્ધિ મળી ચૂકેલી હોય, સર્વ વ્યક્તિઓ નિયમસર વિચારણા કરી શકે તેવી સ્થિતિમાં હોય, પ્રત્યેક વ્યક્તિ પોતાની શક્તિ અને અનુકૂળતા પ્રમાણે ફરજ બજાવતી હોય ત્યાં આવી ચર્ચા ઉપસ્થિત કરવાની જરૂર રહેતી નથી, પરંતુ જૈનકોમની સંખ્યા અને તેના નાના નાના ભેદો અને પેટા ભેદો જોતાં તથા તેની મોટી જવાબદારી જોતાં વિજ્ઞાનના નિયમ પ્રમાણે ચર્ચા કરવાની ખાસ જરૂર છે. જો એવી ચર્ચા વિચારણા પૂર્વક કરીને યોગ્ય નિર્ણય કરવામાં નહિ આવે અથવા વધારે નહિ તો ચર્ચાના વિષયોને સાદા આકારમાં પક્ષની અને વિરૂદ્ધની દલીલો સાથે રજુ કરવામાં નહિ આવે તો જે મહાન્ તત્ત્વજ્ઞાન વર્તમાન કાળને ખાસ ઉપયોગી અને અનુકરણીય જણાયું છે, જેનાં નય નિક્ષેપના સિદ્ધાન્તો વર્તમાન તર્ક જ્ઞાનના સ્વીકારાયલા સિદ્ધાન્તોને બરાબર જવાબ આપી શકે તેવાં છે, જેનાં કર્મના અવિચળ સિદ્ધાન્તો ત્રણ કાળમાં ન્યાય અને તર્કની કોટિઓને બરાબર ઝીલી શકે તેવા છે તે માત્ર પુસ્તકમાં રહી જાય, અને જૈનધર્મ પ્રાચીન કાળનો ધર્મ હતો એ એક ઐતિહાસિક બાબતજ થઇ જાય. એવો ભય અત્યારે યોગ્ય રીતે ઉત્પન્ન થયો છે તેથી સ્વાત્મ જીવનને અંગે પણ આપણી વર્તમાન પરિસ્થિતિપર નિડરપણે ચર્ચા કરવાની જરૂર છે.

આવી ચર્ચા વિજ્ઞાનના નિયમ પ્રમાણે કરવામાં ચર્ચાતા વિષયોની સામેની અને પક્ષની દલીલો રજુ કરવા જતાં કેટલીકવાર ગેરસમજુતી ઉભી થવાનો ઘણો સંભવ છે. એનું મુખ્ય કારણ એ છે કે હજુ આપણી કોમમાં વિચાર બળ એવી સ્થિતિ પર પહોંચ્યું નથી કે જ્યાં પોતાને અનુકૂળ ન જણાય એવા વિચારો પણ વિચાર કરવા ખાતર સમતાથી સહન કરી શકાય. એવી અસહિષ્ણુતાની સાથે વિચાર બતાવનાર ઉપર આક્ષેપ કરવાની પદ્ધતિ પણ હજુ આ નવીન યુગમાં આપણે

નહીં લાગતા નથી. જેથી ચર્ચા ઉપસ્થિત કરનાર ઘણીવાર નકામી ગેરવ્યાજબી ટીકાને પાત્ર થાય છે. અને માત્ર અસહિષ્ણુતાને પરિણામે મુદ્દાના સવાલો ચર્ચા થયા વગર ઉડી જાય છે. જ્યાંસુધી બન્ને પક્ષની દલીલો સમજી, તેનું પ્રથક્કરણ કરી, તેના પર લંબાણ વિચાર કરી તુલના કરવાની આપણા સામાન્ય વર્ગને પણ ટેવ પડશે નહિ અને ખાસ કરીને જવાબદાર આગેવાનો તેવી રીતિ અંગીકાર કરશે નહિ ત્યાંસુધી અનેક અનેક સુગંધી વિચાર પુષ્પો અયોગ્ય રીતે જંગલમાં સુકાઈ જવાના, કરમાઈ જવાના અથવા નામશેષ થવાનાં એમાં જરા પણ સંદેહ નથી. આપણી સરખો વિચાર ન કરનાર અયોગ્યજ હોય, આપણા વિચારજ ધર્મ્ય છે અને બાકી સર્વત્ર અબ્રહ્મણ્યજ છે એવા નિર્ણીત-સિદ્ધાન્તથી ચાલવું એ નૈતિક અને ધાર્મિક દૃષ્ટિથી વિરૂદ્ધ છે, ગેરવ્યાજબી છે અને અકર્તવ્ય છે. જેઓ પોતાની ફરજ અને જવાબદારી જરા પણ સમજતા હોય તેમણે આવા અધઃપાત કરાવનાર અને પ્રગતિના વિરોધક તત્ત્વને જાણી વિચારીને તો આદરવું નજ જોઇએ. કેટલીકવાર વગર જાણ્યે-સમજે એવા ખાડામાં પડાઇ જવાય છે. તેનો ઉપાય એકજ છે કે પોતાના વિચારશીળ સહચારીઓને સૂચના કરી દેવી કે જ્યારે એવો પ્રસંગ જણાય ત્યારે યોગ્ય ચેતવણી મળે. આમાંઅણઘટતી રીતે ઘણા સુંદર વિચારો અત્યારસુધીમાં માર્યા ગયા છે. એટલા ઉપરથી અન્યના વિચારો તરફ સહિષ્ણુતા બતાવવાની ખાસ જરૂર છે એમ ચર્ચામાં ભાગ લેનારે નિરંતર લક્ષ્યમાં રાખવું એ યોગ્ય ચર્ચાને અંગે ખાસ મહત્વનો વૈજ્ઞાનિક નિયમ છે.

ચર્ચા કરવાની જરૂરીઆત સાથે વિચાર સ્વાતંત્ર્યનો પણ ઘણોજ સંબંધ છે. જ્યાંસુધી ચર્ચામાં ભાગ લેનાર પોતાના વિચારો નિડરપણે બતાવી ન શકે ત્યાં સુધી ચર્ચા જરૂર મુદ્દા વગરની થઇ જાય અને રસકસ વગરની લુખી જણાય એમાં જરાપણ આશ્ચર્ય પામવા જેવું નથી. અમુક પ્રશ્ન ઉપસ્થિત થતાં તેની સામે અથવા તેના પક્ષમાં ખુલ્લા હૃદયથી બોલવાની છુટ હોવી જોઇએ. **વિચાર સ્વચ્છંદતા પસંદ કરવા યોગ્ય નથી; ધર્મના તત્ત્વને બાજુએ મૂકનાર, રહસ્યને ફેંકી દેનાર અને મુદ્દાને વીસારી મૂકનાર ચર્ચા નકામી છે એટલુંજ નહિ પણ કેટલીક વાર નુકશાન કરનારી થાય છે.** અંકુશ વગરની અને મૂળને ક્ષતિ કરનારી ચર્ચા જેમ હાનિ કરનાર છે તેમજ ગેરવ્યાજબી અંકુશવાળી અને બોલનાર કે લખનારના માથાપર લટકતી તરવાર જેવી પરિસ્થિતિ પણ મોટી હાનિ કરનાર છે. મજબુત પરિપકવ વિચારોને કોમ સમક્ષ રજુ કરાવવા માટે સ્વચ્છંદતાપર અંકુશ રાખી સ્વતંત્રતાને ઉત્તેજન આપવાની જરૂર છે. જે પરિસ્થિતિ ભવિષ્યમાં ઉત્પન્ન થવાની છે એવું દીર્ઘ દૃષ્ટિથી જોઇ શકાય-તેવો વિચાર એક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદ વિચારકને સુઝે તો તેને કેમ સમજ્ઞ મૂકવાની તેને અબાધિત છુટ હોવી જોઈએ. સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચે એટલો બારિક તફાવત છે કે એની વચ્ચે રેખા દોરવી ઘણી મુશ્કેલ છે, છતાં સંદેહનો લાભ પણ સ્વતંત્રતાને મળવો જોઈએ. નિરંકુશ વિચારોથી કોઈવાર ન ઇચ્છવાજોગ પ્રસંગ ઉત્પન્ન થવા શક્ય છે, પણ તેની ખાતર વિચારોને અવકાશજ ન આપવા જેવું ભયત્રાસનું રાજ્ય ઉત્પન્ન કરવું એથી થોડા હિતની ખાતર તંદુરસ્ત ચર્ચાનો મૂળ ઉખેડી નાંખવા જેવું થાય છે. એવી સ્થિતિ કલ્પી શકાય છે કે જ્યાં યોગ્ય વિચારણા કરવાથી સ્વતંત્ર વિચાર અને સ્વચ્છંદ ખ્યાલો વચ્ચે તટસ્થ નજરે તફાવત આંકી શકાય. આ સૂત્રને બહુ લક્ષ્યમાં રાખવાની જરૂર છે. યોગ્ય ચર્ચાઓને બેહૂદી રીતે વ્યક્તિબળથી દાબી દેવાના ન ઇચ્છવાજોગ પ્રસંગો પ્રાપ્ત થયા છે, તેનું પરિણામ બહુ અનિષ્ટ આવ્યું છે. પોતાના વિચારો મક્કમ રીતે બતાવી શકવાની છુટ રાજ્યદ્વારી વિષયમાં જેમ સ્વીકારાઈ છે તેમ ધાર્મિક સામ્રાજ્યમાં પણ સ્વીકારાવી જોઈએ. એથી સર્વત્ર અંધકાર થઈ જશે અથવા મૂળ મુદ્દાઓ ઘુંચવાઈ જશે એવા ખ્યાલથી ડરી જવાથી પ્રગતિના માર્ગપર મોટો અંકુશ આવી પડે છે. જેમ વૈજ્ઞાનિક નજરે ચર્ચા કરવામાં જેમ અસહિષ્ણુતા બતાવવાથી કોમમાં ક્ષતિનું ટીલું લાગુ પડે છે તેમ વિચારસ્વાતંત્ર્ય પર અયોગ્ય અંકુશ મૂકવાથી પણ નિરવધિ નુકશાન થાય છે.

ચર્ચા ઉપસ્થિત કરનારે પણ ઘણા અગત્યના મુદ્દા લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. બનતા સુધી ગૃહસ્થને છાજતી ભાષા ચર્ચાના વિષયમાં વાપરવી એ પ્રથમ અગત્યની બાબત છે. ઘણી સત્ય વાત અયોગ્ય શબ્દોમાં બોલાય છે તેથીજ મારી જાય છે. શબ્દની એટલે ભાષાની અસર કેટલી મોટી છે તે પર લક્ષ્ય ખેંચવાની જરૂર હોય એમ લાગતું નથી, એટલુંજ કહેવું બસ થશે કે એકને એકજ હકીકત પ્રૌઢ ભાષામાં કહેવામાં આવે તો તે ધારેલ પરિણામ નીપજાવી શકે છે, લોકોના મગજને અસર કરવા ઉપરાંત તે હૃદય સુધી પહોંચે છે અને ચર્ચાયોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરી શકે છે. એક વખત ચર્ચાયોગ્ય વાતાવરણ ઉત્પન્ન થયું એટલે ચર્ચા ઉપસ્થિત કરનારનું અર્ધું કામ લગભગ ફતેહમંદ થયું છે એમ સમજવું. આવા સંયોગો ઉત્પન્ન કરવામાં મધુર ભાષાપ્રયોગ બહુ મદદ કરનાર છે. તેને બદલે તુચ્છ હલકી–તોછડી ભાષા વાપરવાથી મુદ્દાના સવાલો મરી જાય છે, અસલ હેતુને બદલે આજુબાજુના નકામા મુદ્દાઓ તરફ લક્ષ્ય ખેંચાઈ જાય છે અને એવા ગોટાળામાં આખરે વાત પડતી મૂકાય છે અને કેટલીકવાર નકામો કચવાટ ઉત્પન્ન થાય છે. ચર્ચા ઉપસ્થિત કરનારે તેટલા માટે ભાષા બહુ સુંદર અને ગૃહસ્થના મુખમાં છાજે તેવી વાપરવા માટે ખાસ લક્ષ્ય રાખવાની જરૂર છે ચોકસ વિષયો તેપર ચર્ચા ઉપસ્થિત

For Private And Personal Use Only

કેટલાકના નામો આપ્યા વગર કરી શકાય તેમ હોય છે; પરંતુ આ સાદું સૂત્ર ધ્યાનમાં ન રાખવાથી મુદ્દાના કેટલાક પ્રશ્નો છેલ્લા દશેક વર્ષમાં આપણે ગુમાવી બેઠા છીએ અથવા તેપર જરાપણ અજવાળું પાડવાને બદલે ઉલટા પાછા હઠ્યા છીએ. જો એને બદલે યોગ્ય ભાષા વાપરવામાં આવી હત તો ઘણી બાબતમાં પ્રગતિ થઇ શકી હોત એમ વધારે સૂક્ષ્મ દૃષ્ટિથી અને મનુષ્યસ્વભાવના અવલોકનથી જોતાં તરતજ જણાઇ આવશે.

ચર્ચા ઉપસ્થિત કરનારે એક બીજી અગત્યની વાત લક્ષ્યમાં રાખવા યોગ્ય છે તે એ છે કે મુળ મુદ્દાનો–ચર્ચાનો વિષય બાજુમાં ઢળી જવો ન જોઇએ, એ મુદ્દાને ગૌણ ભાગ ન મળવો જોઈએ, પણ તેને યોગ્ય મહત્તા મળવી જોઇએ. ચર્ચાના આ અગત્યના નિયમને લક્ષ્યમાં ન રાખવાથી કેટલીકવાર અવ્યવસ્થિત ચર્ચા ચાલેછે, દલીલના ઢગલે ઢગલા ઉભરાઇ જાય છે પણ મુદ્દાનો સ્પષ્ટ ખ્યાલ ન હોય અને તેને યોગ્ય દલીલો રજુ કરવાની પદ્ધતિ ન આવડતી હોય તો ચર્ચા ઉપસ્થિત કરનાર આજુબાજુના ઘુંચવાડામાં નરમ પડી જાય છે, ગોટાળામાં પડી જાય છે અને આખરે હારીને બેસી જાય છે. પછી તેને પોતાને ચર્ચા ઉપસ્થિત કરવામાં જાણે પોતાની ભુલ થઈ હોય એમ લાગે છે. પોતાની મહત્વતા ભરેલી વિચારણાને ઝીલવાને કોમ લાયક નથી એવી માન્યતાપર આવી જાય છે અને એવી નગુણી અને અવિચારી કોમની ખાતર કાર્ય ન કરવાના નિર્ણયપર આવી જાય છે. આવા નિર્ણયપર આવતાં પોતાની ચર્ચા ચલાવવાની શક્તિપર, મૂળ મુદ્દાને બરાબર લક્ષ્ય સન્મુખ ન રાખી શકવાની પોતાની ઓછી આવડતપર કે ચર્ચાના સાધારણ નિયમોના પોતાના ઓછા ખ્યાલપર તેને લક્ષ્ય રહેતું નથી; તેથી ગેરવ્યાજબી રીતે પોતાની અલ્પ શક્તિનો બોજો બીજા ઉપર ઢોળવાની મનુષ્યની સામાન્ય નબળાઇને તે તાબે થઈ જાય છે. આ પ્રમાણે ન થવા દેવા માટે યોગ્ય ભાષામાં ચર્ચા શરૂ કરવાની ખાસ જરૂરીઆત છે તે લક્ષ્યમાં રાખવા યોગ્ય છે એમ લાગે છે.

એ ઉપરાંત ચર્ચા ઉપસ્થિત કરનાર જાણે પોતે કદિ ભૂલ કરેજ નહિ, ભૂલ કરી શકેજ નહિ, તેના વિચારને અનુરૂપ અન્ય ન હોય તો તે વાદ–ચર્ચાના કે બુદ્ધિબળના સંબંધમાં હજુ ઘણી હલકી પાયરીપર છે, અને પોતે બુદ્ધિવૈભવના શિખરપર ચઢી ગયેલ છે, અને કદિ પોતાની દલીલ કરવાની પદ્ધતિમાં ફેરફાર હોયજ નહિ, હોઇ શકેજ નહિ, એવી એવી કલ્પનાથી અથવા એવા હકથી ચર્ચા ઉપસ્થિત ન કરવી. આવી રીતે મહાન્ પદની પોતામાં કલ્પના કરી લેવાની નબળાઇ ઘણા લેખકો કે વક્તાઓમાં સ્પષ્ટ રીતે અને કેટલાકમાં ગુપ્તપણે ઘર કરી રહેલી હોય છે, એનું પરિણામ અત્યંત અનિષ્ટ આવે છે, જેમ આપણા વિચારો આપણને ફરી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપાસી જવાની ઘણીવાર જરૂર પડે છે અને વિચારતાં કેટલીકવાર આપણને આપણા વિચારો ફેરવવાના પ્રસંગો પણ મળે છે, તેમ ખાસ કરીને દરેક ચર્ચા ઉપસ્થિત કરનારે એટલું તો લક્ષ્યમાં રાખવું જ જોઇએ કે તે પોતાનો અભિપ્રાય લોકોપર ઠસાવવા ચર્ચા ઉપસ્થિત કરતો નથી, પરંતુ સત્ય શોધી કાઢવા અને દીર્ઘ દૃષ્ટિથી કોમહિત–દેશહિતના સવાલો ચર્ચવા માટે નવા મુદ્દાઓ ઉભા કરે છે, જુનાની ચર્ચા કરે છે અને તે કાર્યમાં પોતાની વિચારણાશક્તિનો ફાળો આપે છે. પોતાના વિચારો ફેરવી ન શકાય એવી દઢ માનીનતાપૂર્વક જે ચર્ચા શરૂ કરે છે, અન્યના વિચારો શોધી–તારવી શકતો નથી, અન્યના અભિપ્રાયો વિચારવાને પોતે બંધાયલો નથી એમ માને છે અને અન્યના વિચારમાં કાંઈ દમ હોઇ શકેજ નહિ એવું ધારીને ચાલે છે તે ચર્ચા કરવામાં–ચર્ચા ઉપસ્થિત કરવામાં કે નિર્ણયો બાંધવામાં તદ્દન નકામો છે. એટલુંજ નહિ પણ કેટલીકવાર તે સમાજમાં એવો કચવાટ ઉત્પન્ન કરે છે કે એથી સમાજ કાંઇક આગળ વધવાને બદલે પાછો હઠે છે. આથી પોતાના વિચારો કોમપર યેન કેન પ્રકારેણ ઠસાવવાના વિચારથી ચર્ચા ન થવી જોઇએ પણ સત્ય શોધી કાઢી તે દ્વારા કોમની અને ધર્મની પ્રગતિ કરવાના શુદ્ધ વિચારથી ચર્ચાનું કામ હાથ ધરવું જોઇએ. આવી રીતે સત્યશોધન બુદ્ધિ અને સરલતા એ ચર્ચા કરનારને આભુષણરૂપ થાય છે, સમાજમાં ચર્ચા કરનારના સરલ સ્વભાવ માટે કિંમત અંકાય છે અને મમતી–આગ્રહીપણાનો એક વખત તેનામાં અભાવ છે એવો ખ્યાલ થવાથી તેના ચર્ચાના ઉપસ્થિત કરેલા વિષયો તરફ લોકોનું લક્ષ્ય ખેંચાય છે. વાસ્તવિક રીતે વિચારીએ તો કોઇપણ છદ્મસ્થ મનુષ્ય પોતાના વિચારો સર્વવ્યાપી કે સ્ખલના વગરના છે એમ કહેવાનો દાવો કરી શકેજ નહિ. વિશેષ બુદ્ધિવૈભવશાળી હોય તો તે વધારેમાં વધારે એટલોજ દાવો કરી શકે કે તેના વિચારો ખાસ ધ્યાનપર લેવા યોગ્ય છે અને એવા બુદ્ધિસામ્રાજ્યવાળાના વિચારો યોગ્ય ભાષામાં બતાવાયલા હોય તો જરૂર સમાજ તે પર લક્ષ્ય આપે જ છે; પરંતુ પોતે બતાવેલા વિચાર સત્યજ છે, તેમાં ફેરફાર હોઇ શકેજ નહિ, અને તેથી ઉલટા વિચાર કરનાર મૂર્ખ, અજ્ઞાની, તુચ્છ કે આગ્રહી છે એવો દાવો કરીને ચર્ચા ઉત્પન્ન કરવી એ નુકશાનકારક છે એમ અનુભવથી જણાયું છે.

સમાજ કે ધર્મના વિષયોની ચર્ચા ઉત્પન્ન કરતી વખતે બનતા સુધી કોઈ અંગીત ટીકા કે દાખલા ન લેવા એ વધારે ઇષ્ટ છે. અંગીત ચર્ચા એકંદરે નુકશાનમાં જ પરિણમે છે, તેથી ચર્ચા સામાન્ય વિષયનીજ ચલાવવાથી સમાજસેવા બરાબર થઈ શકે તેમ છે, એમ આપણી કોમની પરિસ્થિતિ જોતાં જણાય છે. કેટલાક સવાલો એવા આવી જાય છે કે તે અંગીત ચર્ચા ઉત્પન્ન કરે તેવાજ હોય છે, તેવે પ્રસંગે

For Private And Personal Use Only

વિચારણીય પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે, પરંતુ એવા પ્રસંગોમાં પણ બનતા સુધી સામાન્ય-સર્વ માન્ય શબ્દોમાંજ ચર્ચા ચલાવવી અને તેનું પરિણામ વ્યક્તિને લાગુ પડે તેવું લઇ આવવું એ માર્ગ ઇષ્ટ લાગે છે. બાકી તદ્દન અંગીત સવાલ સામાન્ય કરવા જતાં ઘણી વખત પક્ષબુદ્ધિનો જન્મ થઇ આવે છે અને એકવાર વ્યક્તિને અંગે અમુક સવાલ જાણતાં અજાણતાં પણ થઇ ગયો તો પછી વ્યક્તિ મોહને અંગે અથવા સ્વમાનની ખાતર પણ સત્યાસત્યનો નિર્ણય જણાયા છતાં અને પોતે માનેલ સ્વપક્ષ માંહેની સ્ખલના લક્ષ્યમાં આવ્યા છતાં પણ પક્ષત્યાગ થઈ શકતો નથી. મનુષ્યસ્વભાવની નિર્બળતા અને લક્ષ્યસ્થ ભાવની સ્થિરતાને અભાવે એવી સ્થિતિ ઘણીવાર ઉત્પન્ન થાય છે, તેથી બનતા સુધી વ્યક્તિની ચર્ચામાં ભાગ ન લેવો એ ઇષ્ટ છે અને કદાચ લેવો પડે તો સામાન્ય રીતે મુદ્દાસર તે સવાલને હાથ લગાડવો, પણ અમુક પક્ષમાં ભળી જવા જેવી સ્થિતિ ન થઇ જાય એ ખાસ લક્ષ્યમાં રાખવું.

બીજી અગત્યની બાબત ચર્ચાને અંગે એ લાગે છે કે માત્ર ચર્ચાની ખાતર ચર્ચા ઉત્પન્ન કરવી નહિ, પણ હેતુસર ચર્ચા શરૂ કરવી. આપણું જીવન ટુંકુ છે, વીશમી સદીમાં જીવન કલહ ઘણો જબરો છે, હરીફાઇમાં અનેક વિચારશીળ યોદ્ધાઓ સાથે રણક્ષેત્રમાં ઉતરવાનું છે, તેવા સમયમાં ઘણી મહેનતે નામનું ફળ મળે તેવી ચર્ચા ઉપસ્થિત કરવી નકામી છે.

હવે અમુક ચર્ચાને અગત્યની ગણવી કે સામાન્ય ગણવી એ પરસ્પર તુલનાત્મક સવાલ થયો અને એક મનુષ્ય જેને તદ્દન સાધારણ બાબત માનતો હોય તેને અન્ય ઘણી મહત્વની માને એ બનવા જોગ છે. આ બાબતમાં ખોટી ગફલતી ન થાય તેટલા માટે દરેક વિચારશીળ માણસે એક દૃશ્ય-ભાવના પોતા માટે મુકરર કરવી જોઇએ અને એ ભાવનાને પહોંચી વળવામાં જે ચર્ચા મદદગાર થાય તેવું હોય તેવીજ ચર્ચા ઉપસ્થિત કરવી અથવા તેમાંજ ભાગ લેવો તેના માટે વ્યાજબી ગણાય. આવો નિર્ણય કર્યા વગર ગમે તે બાબતમાં માથું મારવાની જેમને ટેવ પડે છે તેઓ ઘણીવાર નકામો વીર્ય વ્યય કરે છે અને પરિણામે કદાચ કાંઇ પરિણામ લાવી શકે તો પણ મહેનતના પ્રમાણમાં તે તદ્દન નહિ જેવુંજ હોય છે. ભાવના અથવા આદર્શ તેટલા માટે બરાબર ચોકસ કરી તદનુસાર ચર્ચા ઉપસ્થિત કરવાનું અને તેમાં ભાગ લેવાનું બહુ આવશ્યક છે. એક સાધારણ દાખલો અહીં આપવા યોગ્ય લાગે છે. એક શેઠને જ્ઞાતિભોજન વખતે લોકો પાણીના મોટા ઠામમાં કળશા બોળે તે વાત અરૂચિકર જણાતાં તેણે ચર્ચા ઉપસ્થિત કરી કે કોમના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

યુવાનવર્ગે જ્ઞાતિભોજન વખતે હાજર રહી હાથમાં ડોયો લઇ પાણીના કામ માટે ઊભા રહેવું અને પ્રત્યેક જ્ઞાતિબંધુને તેવટે કળશા ભરી આપવા. આ ચર્ચા તદ્દન સામાન્ય છે, જમણ વખતે છાંડવાની ચર્ચા પણ તેવીજ છે, લોકોમાં કેળવણીનો વધારો થાય, જમનાર અને જમાડનારની ફરજનો ખ્યાલ થાય તો અત્યારે જે લગભગ અજ્ઞાનીની પેઠે જ્ઞાતિજમણ કે સંઘજમણ થાય છે તે સ્વતઃ અટકી જાય, છતાં જેનું આદર્શ સામાન્ય હોય તે એવી ચર્ચાને મોટું રૂપ આપે, અને જેનું આદર્શ લોકભાવના કેળવવામાં હોય તે એવી ચર્ચાના હાર્દમાં રહેલ અજ્ઞાનાવસ્થા દૂર કરવામાં પોતાના કાર્યની સમાપ્તિ જુએ અને સાથે સમજી શકે કે અનેકવાર ડોયા લઇને ઉભા રહેવાની તસ્દી લેવા કરતાં જનસ્વભાવ તેવો કેળવવાની વધારે જરૂર છે, નહિ તો વ્યાધિ કરતાં ઓસડ આકરૂં અઘરૂં અને બહુ મૂલ્યવાળું થઇ જાય. આથી દરેક ચર્ચાને અંગે ભાવના મુકરર કરવાની પ્રત્યેક વ્યક્તિને માટે ખાસ જરૂરીયાત છે. એટલીજ જરૂર ચર્ચા યોગ્ય વિષયમાં વીર્યનું માપ કરવાની પણ છે. આવી બાબતમાં ઘણો વીર્યવ્યય કરવો નકામો છે અને એવું માપ ધોરણસર ન રાખવામાં આવે તો ટુંકા જીવનમાં અન્ય જીવનકલહને અંગે મુદ્દાસરનું કોઇ કામ થાય નહિ અને આખા જીવનને અંગે કાર્યનો સરવાળો લેતાં કાંઇ સાર નીકળે નહિ. આથી ભાવનાનું લક્ષ્યસ્થપણું અને તેને અંગે વીર્યવ્યયના માપનો ખ્યાલ કરવો તે યોગ્ય જણાય છે.

ચર્ચાને અંગે બીજા પણ ઘણા નિયમો ધ્યાનમાં રાખવા જેવા છે. કોઇ પણ ચર્ચાને અંગીત બનવા ન દેવી, સત્યશોધન વૃત્તિ નિરંતર લક્ષ્યમાં રાખવી, આપણું તે સાચું એવો ભાવ હૃદયમાં આવવા દેવો નહિ, સમાજના પોતે સેવક છે એ વાત ન ભૂલાય તેવી રીતે લક્ષ્યમાં રાખવી, મનુષ્યજીવનમાં આ કાળમાં ટુંકા વખતમાં ઘણું કામ લેવાનું છે એ ધ્યાનમાં રાખવું અને જાહેર પ્રશ્નને અંગે પોતાના ગુપ્ત સ્વાર્થ કે વૈરની આહુતિ ન અપાય તે લક્ષ્યમાં રાખવું. આપણી કોમ અને સમાજ, ધર્મ અને ધર્મનાં અંગો, પુસ્તકો અને તીર્થો, સંસ્થાઓ અને રિવાજો આપણી સર્વ શક્તિપર પોતપોતાનો ભાગ માંગે છે. સંખ્યા અને બુદ્ધિબળ જોતાં પોતાનો યોગ્ય ફાળો આપવો એ પ્રત્યેક વ્યક્તિની ફરજ છે, એમાં જેટલી સ્ખલના થાય તેટલી પોતાની ઓછાશ છે અને ફરજ તરફ પરાઙ્મુખપણું છે એમ વિચારવું. કોમને સત્ય વિચારકોની જરૂર છે, તેની મોટી ખામી છે, એ ખામી પૂરી પાડવા જતાં નવા વિષમ માર્ગો કે વાડાઓ ઉભા ન થઇ જાય તે વાત પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે અને એવા સવાલોપર લક્ષ્ય આપવાથી અતિ વિશાળ તત્ત્વજ્ઞાન અત્યારે મર્યાદિત થઇ ગયેલ છે તે વિશ્વવ્યાપી થઇ શકે તેવો આ અનુકૂળ સમય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારે સમાજ અને ધર્મ એવા સંયોગોપર આવેલ છે એની પ્રગતિ માટે યોગ્ય વિચાર નહિ થાય તો બહુ થોડા વખતમાં ભયંકર નુકશાન ભોગ થઇ જવાય એવા પ્રસંગો નજરે દેખાય છે, કોમને ક્ષતિ લાગી ગઈ છે, વિચારકો અલ્પ છે, જૈનને અન્ય કોમોમાં જોઈએ તેવું સ્થાન નથી—એ સર્વ બાબતો લક્ષ્યમાં રાખવા યોગ્ય છે અને તેને લક્ષ્યમાં રાખી અનેક સવાલોપર વિચાર કરવાનો છે. આખા દેશમાં અત્યારે પરિવર્તન થાય છે. રાજ્યદ્વારી વાતાવરણ ફરતું જાય છે, યુરોપીય મહા વિગ્રહે મોટા ફેરફાર કરી નાખ્યા છે, જનસમાજ સન્મુખ અનેક પ્રશ્નો તદ્દન નવીન આકારમાં રજુ કર્યા છે. સ્થૂળવાદ અને આત્મવાદમાં ઉછરેલી પ્રજાઓના વિકાસમાં કેટલો ફેર છે તે પ્રત્યક્ષ બતાવી આપ્યું છે. તેવા સમયમાં વિચારપૂર્વક મક્કમપણે આપણે જલદી આગળ વધવાની જરૂર છે અને એવા વખતમાં જે લાભદાયી કાર્યો થશે તે બહુ સારું પરિણામ નીપજાવી શકશે. આથી કોમની ક્ષતિના કારણો વિશાળ બુદ્ધિએ વિચારવાની જરૂર છે, તેના આંતર કારણો શોધી તાત્કાલિક ઉપાયો કામે લગાડવાની જરૂર છે, એમાં અનેક વ્યક્તિઓના બુદ્ધિબેલને શાંત–નિષ્પક્ષપાતપણે એકઠા કરવાની જરૂર છે, અને એ કાર્યની ફતેહપર સમાજ અને ધર્મનું ભવિષ્ય લટકે છે. ઉપરના ચર્ચાના નિયમો પર ઉલ્લેખ કરવાનો પ્રસંગ એટલાજ માટે પ્રાપ્ત થયો છે. અત્યાર સુધીની આપણી સ્થિતિના અવલોકનનું એ સ્વતંત્ર પરિણામ છે. એ નિયમો લક્ષ્યમાં રાખ્યા છતાં કદાચ આક્ષેપ આવે તો પછી ડરવા જેવું લાગતું નથી, પણ એ અગત્યના મુદ્દાઓ વિસારી મૂકવાથી ઘણી હાનિ થઇ હોય એમ જોવાયું છે. પ્રસંગોપાત આ ચર્ચાના નિયમો લક્ષ્યમાં રાખી વર્તમાન બાબતો પર ચર્ચા કરવા વિચાર થયો છે. અન્ય બંધુઓ પણ આ નિયમો પર યોગ્ય લાગે તેવી ચર્ચા કરે તો તેમાંથી પણ ઇષ્ટ પરિણામ આવશે. એકંદરે જો આપણે ઉત્થાન કાળને સન્મુખ લાવવા ઇચ્છતા હોઇએ તો હવે કટિબદ્ધ થઇ વિચારણાપૂર્વક આગળ વધવાની જરૂર છે, નકામા વાંધાઓ અને મતભેદને ભૂલી જવાની જરૂર છે, દેશમાં કઇ પરિસ્થિતિ ચાલે છે તે સમજવા યોગ્ય છે, મોટા મોટા મતભેદો છેલ્લા કોંગ્રેસના મેળાવડા વખતે કેવા ભૂલી જવાયા તે લક્ષ્યમાં લેવા યોગ્ય છે અને એવી ચોતરફની હકીકત લક્ષ્યમાં રાખી ઉત્થાન તરફ પ્રયાણ કરવા આ વખત છે. એને લક્ષ્યમાં રાખી હવે પછી જરૂરી મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. ચારે તરફ પ્રગતિનો પવન વાય છે તેવા વખતમાં આપણે બેસી રહેશું તો જે કાંઈ બહુ અલ્પ બાકી રહ્યું છે તે પણ ગુમાવશું, તેથી વીરપરમાત્માના જ્વલંત સંદેશાઓ જગતને કહેવા–વીર ધર્મની ધ્વજા ફરકાવવા આપણે સાંસારિક, ધાર્મિક અને તેને અનુરૂપ અન્ય બાબતોમાં આગળ વધવાની જરૂર છે. ચર્ચાના મુદ્દાઓ એ સર્વ પરિસ્થિતિ અને નિયમોને લક્ષ્યમાં રાખી પ્રાજ્ઞવર્ગ આગળ લાવશે એવી આશા છે. એ શુભ પ્રયત્નમાં વર્તમાન લેખક તરફથી પણ યોગ્ય ફાળો વખતોવખત અપાયા કરશે એવી ભાવના હાલ તેના હૃદયમાં વર્તે છે. ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુસ્તકોની પહોંચ.

## ૧. શ્રી અનુયોગદ્વાર સૂત્ર–સંક્ષિપ્ત સારાંશ.

આ પં. શ્રી દેવવિજયજી ગણિનો પ્રથમ પ્રયત્ન છે. તેમણે સિદ્ધાંતનો બોધ ગ્રહણ કર્યાના રહસ્ય અથવા નિર્ઝરણ રૂપે અન્ય જૈન બંધુઓને લાભ આપવાનો આ પ્રયાસ કર્યો છે. તેના વિષે વિશેષ અભિપ્રાય સાદ્યંત વાંચ્યા પછી આપશું. પરંતુ એટલું તો જણાવવું યોગ્ય છે કે પોતે મેળવેલા બોધનો આવી રીતે પોતાથી અલ્પ મતિવાળા અન્ય જનોને લાભ આપવાનો આ પ્રયત્ન સ્તુત્ય છે. વળી અત્યારે સૂત્રો વાંચવાને ઉત્સાહીત થયેલા જૈન બંધુઓને આટલી પ્રાસાદી સૂત્રની અંદર રહેલા અપૂર્વ રહસ્યની વાનકી રૂપે આપવી ઘટિત છે. જેથી તેમના હૃદયમાં સૂત્રો ઉપર બહુમાન પ્રકટ થાય અને તે વાંચવાની યોગ્યતા મેળવવા તત્પર થાય.

## ૨ શ્રી પ્રકરણ પુષ્પમાળા–દ્વિતીય પુષ્પ.

આ બુકની અંદર શ્રી ભગવતિ મહા સૂત્રમાંથી ઉદ્ધરેલા અને પ્રથમ શ્રી આત્માનંદ સભા તરફથી ટીકા સાથે પ્રકટ થયેલા પરમાણુ ખંડ છત્રીશી, પુદ્ગળ છત્રીશી અને નિગોદ છત્રીશી–એ ત્રણ પ્રકરણો મૂળ ટીકા અને ભાષાંતર સાથે પ્રકટ કરવામાં આવ્યા છે. આ પ્રયાસ પણ પં. દેવવિજયજીગણિનો છે. તેના વિષે પણ વિશેષ અભિપ્રાય તો સાદ્યંત વાંચ્યા પછી આપી શકાશે. પરંતુ આવા કઠીન પ્રકરણોના ભાષાંતર કરી તેને સરલપણું પ્રાપ્ત કરાવી એવા અપૂર્વ પ્રકરણોમાં રહેલા રહસ્યનો લાભ જૈન વર્ગને આપવાનો પ્રયાસ ખરેખર સ્તુત્ય છે. આ પ્રકરણો અન્ય પ્રકરણોની જેવા સરલ નથી, તે છતાં તેના ભાષાંતરને માટે પ્રયાસ કર્યો છે તે કાર્ય સારી શક્તિનું દિગ્દર્શન કરાવે છે.

ઉપર જણાવેલી બંને બુકો શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી પ્રકટ થતી ગ્રંથમાળાના નંબર ૩૪–૩૫ તરીકે પ્રકટ થયેલ છે. તે કામની અંદર ઝવેરી મોહનલાલ હેમચંદ અમદાવાદ નિવાસીએ રૂ. ૩૦૦) ની સહાય આપી છે. આવા જ્ઞાનદાનના અત્યુત્તમ કાર્યમાં સહાય આપવી તે તેવા કાર્ય પ્રત્યે સહાનુભુતિ દર્શાવે છે અને ઉદારતાનો યોગ્ય સ્થાને વ્યય સૂચવે છે. એ બંને બુકોનો જે સાધુ સાધ્વી અથવા યોગ્ય શ્રાવકને ખપ હોય તેમણે શ્રી અમદાવાદ ઠે૦ શાહીબાગ કરીને ઉપર જણાવેલા ગૃહસ્થ પાસેથી મંગાવવી.

## ૩ શ્રી જિન ભક્તિ આદર્શ.

આની અંદર શ્રી જૈન ધર્મ પ્રકાશમાં આવેલા બે લેખો ' ભક્તિ મિષે થતી આશાતનાઓ' અને ' જિનરાજ ભક્તિ ' આપવામાં આવેલા છે. જિનભક્તિના રસિક જૈન બંધુઓને અવશ્ય વાંચવા લાયક છે. શ્રી મુંબઇ કાપડ માર્કેટ વેપારી જૈન મંડળ તરફથી શા. માણેકલાલ નાનજીએ છપાવેલ છે. તેના ખપીજનોને અરધા આનાની ટીકીટ મોકલવાથી ભેટ આપવામાં આવે છે. મંગાવનારે ઠે૦ શા. મણીલાલ મોતીલાલ. બહાર કોટ, ચંપાગલી–મુંબઇ કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ૪ મુંબઈ ઠેકાણાની જૈન વસ્તીમાં પ્રાંતવાર આવતું મરણ પ્રમાણ અને જૈન કોમના નેતાઓની ફરજ.

આ ઘણા પ્રયાસવડે તૈયાર કરેલ નિબંધ તેના લેખક નરોત્તમદાસ ભગવાનદાસ શાહ તરફથી છપાવીને બહાર પાડેલ છે, આખો લેખ જૈન બંધુઓએ લક્ષપૂર્વક વાંચવા લાયક છે, પરંતુ અમે સ્થળ સંકોચના કારણથી આ માસિકમાં પ્રકટ કરી શકયા નથી. જૈન અને જૈન શાસનમાં પ્રકટ થયેલ છે. તે પરથી વાંચી જોવો અથવા તેના લેખક પાસેથી ઠે૦ ૧૫૫ મેમનવાડા રોડ મુંબઇ. કરીને મંગાવી લેવો. આ નિબંધ તરફ અને પણ જૈન વર્ગના આગેવાનોનું લક્ષ ખેંચીએ છીએ અને તેને માટે અવશ્ય યોગ્ય પ્રયત્ન કરવાની આવશ્યકતા સૂચવીએ છીએ. તે સાથે મુંબઇ જેવા શહેરમાં અનેક ધનાઢ્ય જૈનો વસે છે છતાં જૈન બંધુઓ માટે એક પણ સેનીટેરીયમ થયેલ નથી એ બાબત ધી જૈન એસોસીએશન ઓફ ઇંડીઆના સેક્રેટરી, પ્રમુખ વિગેરે શ્રીમંત ગૃહસ્થોનું ધ્યાન ખેંચવામાં આવે છે. તેમજ આરોગ્યતાના નિયમો શ્રાવક ભાઇઓને સમજાવવાની આવશ્યકતા હોવાથી મુનિ મહારાજાઓએ પણ યોગ્ય રીતે તે બાબત વ્યાખ્યાનાદિ પ્રસંગે લક્ષમાં રાખવાની વિનંતિ કરવામાં આવે છે.

### ૫ શ્રાવિકા અથવા સ્ત્રીસુખ દર્પણ.

આ નામનું માસિક માર્ચ માસથી ભાવનગર ખાતે જૈન પત્રના અધિપતિ તરફથીજ પ્રગટ કરવામાં આવેલ છે. વ્યવસ્થાપક ગુલાબચંદ લલુભાઇ શાહ છે. આ ઉત્તમ કાર્યની પ્રેરણા એક સુશીળ શ્રાવિકા તરફથીજ કરવામાં આવી છે. આ માસિકને સચિત્ર બનાવવાની પહેલ કરવામાં આવી છે. હાલમાં ચાલતી તમામ પ્રકારની મોંઘવારીના વખતમાં એક પ્રકારનું સાહસ કરવામાં આવ્યું છે. પરંતુ જૈન વર્ગમાં શ્રાવિકાને સદ્બોધ આપતું એક પણ માસિક અદ્યાપિ ન હોવાથી આ માસિકને સારી સહાય મળવાનો સંભવ છે. લેખો ને ચિત્રોની ચુંટણી સારી કરવામાં આવી છે, પરંતુ હજુ તેમાં આગળ વિશેષ પ્રગતિ કરવાની જરૂર છે. જ્યારે એને નામજ શ્રાવિકા આપવામાં આવ્યું છે ત્યારે શ્રાવિકાની તમામ પ્રકારની ફરજ તે દ્વારા જણાવવા યોગ્ય છે. ગૃહકાર્યની અંદર પણ શ્રાવિકાએ કેવા પ્રકારની સાવધાની રાખવી જોઇએ, કેવી જયણા પાળવી જોઇએ, બાળકોને કેવી રીતે લઘુવયથી જ જૈન ધર્મના સંસ્કારો પાડવા જોઇએ, પોતાના પતિ સાથે કેવી સભ્યતાવાળું વર્તન રાખવું જોઇએ, કલેશ કંકાસને કેવી રીતે દેશવટો આપવો જોઇએ અને ગાળિપ્રદાનની પડી ગયેલી દીર્ઘકાલિન ટેવને કેવી રીતે ભૂલી જવી જોઇએ, ધર્મનું આરાધન કેવી રીતે યોગ્ય અવસરે યોગ્યતા મેળવીને કરવું જોઇએ ઇત્યાદિ બહુ બહુ વાતો સમજાવવા યોગ્ય છે અને તેને માટે વ્યવહારિક ને ધાર્મિક બંને પ્રકારના અનુભવવાળા લેખકો પાસે લેખો લખાવવા જોઇએ. આ બાબતમાં એ માસિકના પ્રકાશકનું ધ્યાન ખેંચવા આવે છે અને જૈનસમુદાયને આવા અદ્વિતીય માસિકના ગ્રાહક થઇને સહાય આપવાની ભલામણ કરવામાં આવે છે.

For Private And Personal Use Only